
કહાન સંવત-૧૧ □ (૫૬૮) ✻ આત્મધર્મ ✻ (અંક-૮ વર્ષ-૪૭) □ વીર સં. ૨૫૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૧



હે જિનેન્દ્ર! આપનું દર્શન થતાં મારું અંતઃકરણ એવા ઉત્કૃષ્ટ આનંદથી પરિપૂર્ણ થઈ ગયું છે કે જેથી હું મને મુક્તિ પ્રાપ્ત થયેલ જ સમજું છું.

— શ્રી પદ્મનંદી આચાર્ય




* ખરેખર હું શરીર, વાણી અને મનના સ્વરૂપના આધારભૂત એવું અચેતનદ્રવ્ય નથી; હું સ્વરૂપ-આધાર વિના પણ (અર્થાત્ હું તેમના સ્વરૂપનો આધાર હોયા વિના પણ) તેઓ ખરેખર પોતાના સ્વરૂપને ધારે છે. માટે હું શરીર, વાણી અને મનનો પક્ષપાત છોડી અત્યંત મધ્યસ્થ છું. ૨૬૨. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૧૬૦)

* ચિદ્રૂપના ધ્યાનથી એવો કોઈ પરમ આનંદ થાય (કે) તેનો અંશ પણ ત્રણ જગતના સ્વામીઓને પણ થાય નહિ. ૨૬૩.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૨, ગાથા-૪)

* જે અનાદિ છે અર્થાત્ કોઈ કાળે ઉત્પન્ન થયું નથી, જે અનંત છે અર્થાત્ કોઈ કાળે જેનો વિનાશ નથી, જે અચળ છે અર્થાત્ જે કદી ચૈતન્યપણાથી અન્યરૂપ—ચળાચળ થતું નથી, જે સ્વસંવેદ્ય છે અર્થાત્ જે પોતે પોતાથી જ જણાય છે અને જે પ્રગટ છે અર્થાત્ છૂપું નથી—એવું જે આ ચૈતન્ય અત્યંતપણે ચકચકાટ પ્રકાશી રહ્યું છે, તે પોતે જ જીવ છે. ૨૬૪. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૪૧)

* જૈસે વિકારી હોનેવાલે મેઘોંસે આકાશકા સ્વભાવ વિકારી નહીં હોતા હૈ વૈસે ક્રોધાદિક કર્મોકા સંયોગ હોનેપર ભી ઉત્કૃષ્ટ તેજવાલા આત્મા ભી ક્રોધી, માની આદિરૂપ નહીં હોતા. ઇસ આત્માકે સ્વભાવસે તો નામ ભી ભિન્ન હૈ ક્યોંકિ ચૈતન્યપ્રભુકા કોઈ નામ નહીં હૈ. જન્મ-મરણ-રોગાદિ યે સર્વ સ્વભાવ શરીરકે હૈં ઐસા જ્ઞાની લોગ માનતે હૈં. ૨૬૫. (એકત્વાશીતિ, શ્લોક-૩૮, તત્ત્વભાવના, શ્લોક-૬૯ની ટીકામાં ઉદ્ધૃત)

કહાન સંવત-૧૧
વર્ષ-૪૭
અંક-૮
[૫૬૮]

વીર સંવત ૨૫૧૭
સં. ૨૦૪૭
FEB.
A.D. 1991




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# દેહમાં પરમાત્માના નિવાસથી ઇન્દ્રિયો પણ જીવંત દેખાય છે

[ શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૨૯ )

શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથના પ્રથમ અધિકારની આ ૪૩મી ગાથા પૂરી થઈ. હવે ૪૪મી ગાથા શરૂ થાય છે.

જે પરમાત્મસ્વરૂપ આત્માના રહેવાથી દેહમાં પાંચ ઇન્દ્રિયરૂપ ગામ વસે છે અને જેના નીકળી જવાથી પાંચ ઇન્દ્રિયરૂપ ગામ ઉજ્જડ થઈ છે, તે પરમાત્મા છે એમ કહે છે.

ભગવાન આત્મા દેહમાં વસે તો દેહમાં ઇન્દ્રિયગામ વસે છે એટલે કે તે તે સમયના જ્ઞાન વડે ઇન્દ્રિયો જાણવાનું કામ કરે છે. જ્ઞાનના નિમિત્તે પાંચેય ઇન્દ્રિયોમાં જાગૃતિ દેખાય છે અને ભગવાન આત્મા દેહમાંથી ચાલ્યો જાય ત્યાં ઇન્દ્રિયગામ ઉજ્જડ થઈ જાય છે, શૂન્ય થઈ જાય છે.

અસદ્ભૂત વ્યવહારનયથી આત્મા દેહમાં વસે છે તો ઇન્દ્રિયો પણ જાણે જાગતી હોય એમ દેખાય છે અને આત્મા ચાલ્યો જતાં ઇન્દ્રિયો જડ બની જાય છે એટલે કે તે તે પ્રકારના જ્ઞાનના અંશનું જાગૃતપણું ત્યાં રહેતું નથી, તેથી ઇન્દ્રિયો જડ જણાવા

લાગે છે. જ્ઞાનની મૂર્તિ ભગવાન આત્મા વસે છે ત્યાં જાણે ઇન્દ્રિયોનું ગામ વસે છે એમ લાગે છે અને તે જતાં ઇન્દ્રિયગામ ઉજ્જડ બની જાય છે.

ઇન્દ્રિયો તો શરીરના અવયવ છે, તે કાંઈ જાગ્રત નથી પણ આત્મા તેમાં વસતો હોવાથી તે તે ઇન્દ્રિય સંબંધીના જ્ઞાન વડે જાણે ઇન્દ્રિયો જાગ્રત છે એમ લાગે છે. ઇન્દ્રિયજ્ઞાનની જાગૃતિને લઈને ઇન્દ્રિયો જીવંત છે એમ દેખાય છે પણ જ્ઞાન તો અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવી છે અને ઇન્દ્રિયો તો અચેતન છે. ભગવાન આત્મા એકલો જ્ઞાનનો ગાંગડો-જ્ઞાનસ્વભાવી ભગવાન છે તે દેહમાં વસેલો છે પણ દેહથી ભિન્ન છે.

જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા તો મહિમાવંત છે, દેહની કાંઈ મહિમા નથી, પણ પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવના ભાન વગર આત્મા જે દેહમાં વસે છે તે દેહની ઇન્દ્રિયોમાં જ્ઞાન જાગૃતિનું કામ કરે છે. અખંડ, પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવના જ્ઞાનના અભાવે વર્તમાનમાં ઇન્દ્રિયજ્ઞાન થઈ રહ્યું છે પણ તે જ્ઞાન ઇન્દ્રિયોનું નથી. વર્તમાનમાં એટલી જાગૃતિ છે તે પણ પરમાત્માને લઈને છે, ઇન્દ્રિયોને લઈને નથી.

ભગવાન આત્મા તો અકેલો જ્ઞ...જ્ઞ...જ્ઞાન સ્વભાવનો ગોળો છે. તેને જાણવું... જાણવું...જાણવું. જ્ઞાનનો જ એકલો રસ છે પણ તેના ભાન વગર ઇન્દ્રિયોનું લક્ષ કરીને દેહમાં વસેલો છે તેથી ઇન્દ્રિય જાગ્રત દેખાય છે. પાંચેય ઇન્દ્રિયો તેના કારણે પોતપોતાના વિષયોનું જ્ઞાન કરતી દેખાતી હતી તે ઇન્દ્રિયો દેહમાંથી આત્મા ચાલ્યો જતાં ઉજ્જડ દેખાવા લાગે છે.

આવો ચિદાનંદ નિજ આત્મા તે જ પરમાત્મા છે. ઇન્દ્રિયો તો જડ છે તે કાંઈ જાણતી નથી પણ અંદરમાં જ્ઞાન તે તે ઇન્દ્રિયો સંબંધી જાણવાનું કામ કરતું હોવાથી ઇન્દ્રિયો જાણે કામ કરે છે એમ લાગતું હતું. હવે જ્યાં આત્મા દેહમાંથી નીકળીને પરભવમાં ચાલ્યો જાય છે ત્યાં ઇન્દ્રિયગામ તો સૂનું થઈ જાય છે, ઉજ્જડ બની જાય છે. ઇન્દ્રિયોમાં જાણે તેજ લાગતું હતું, કાન સાંભળે છે, આંખ દેખે છે એવું લાગતું હતું તે જડ દેખાવા લાગે છે. ફક્ત વર્તમાન ઇન્દ્રિયજ્ઞાનની જાગૃતિથી ઇન્દ્રિયો જાગ્રત લાગતી હતી તે આત્મા ચાલ્યો જતાં ઉજ્જડ લાગે છે.

જોયું? આવું તો જેનું ઇન્દ્રિયજ્ઞાન છે! ઇન્દ્રિયજ્ઞાન તો આત્માનો સ્વભાવ પણ નથી છતાં તેના કારણે ઇન્દ્રિયગામ જાણે જાગતું લાગે છે. તો એના સ્વભાવનું તો શું કહેવું! માત્ર જાણે... જાણે...જાણે એવું અતીન્દ્રિયજ્ઞાન જેનો સ્વભાવ છે એવો ચિદાનંદ સ્વરૂપ આત્મા છે તે જ પરમાત્મા છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરચક ભરેલો છે. અતીન્દ્રિય સુખના

આસ્વાદી, પરમ સમાધિમાં લીન થયેલા મુનિને તો આવા પરમાત્માનું ધ્યાન જ મુક્તિનું કારણ છે.

ઇન્દ્રિયજ્ઞાન કાંઈ આત્માનું મૂળ સ્વરૂપ નથી. એ તો એનો જાગૃતઅંશ ત્યાં છે એમ બતાવ્યું છે. એ પરલક્ષી ઈન્દ્રિયજ્ઞાન વડે આત્મા જણાતો નથી. ઇન્દ્રિયો વડે તો આત્મા ન જણાય પણ ઇન્દ્રિયના લક્ષે થતાં જ્ઞાન વડે પણ આત્મા ન જણાય. માટે, ઇન્દ્રિય તરફના લક્ષને, એટલા પરલક્ષી જ્ઞાનને અને તેના મહત્વને છોડી દઈને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તરફ લક્ષ કર!

જ્યાં પૂર્ણ જ્ઞાન હોય ત્યાં આનંદ સિવાય બીજું શું હોય! આનંદ પૂર્ણ-પૂર્ણ હોય. અતીન્દ્રિય જ્ઞાન અને સુખના આસ્વાદી મુનિઓને તો આવા સ્વભાવની એકાગ્રતા એ જ મુક્તિનું કારણ હોવાથી ઉપાદેય છે.

આ તો આત્માની — પરમાત્માની કથા છે. અહો! પૂર્ણ અતીન્દ્રિય સુખનું સાધન જે સમાધિ, તેનું ધ્યેય જે અચિંત્ય મહિમાવંત આત્મા છે તેમાં એકાગ્ર થવું તે પૂર્ણ અતીન્દ્રિય સુખનું સાધન છે.

જે જ્ઞાનનો વર્તમાન અંશ પ્રગટ છે તે વડે પૂર્ણ સ્વભાવને જોવાનો છે તેને બદલે આમ બહારમાં જોઈ રહ્યો છે. જ્યાં જોવાનું છે ત્યાં અજ્ઞાની જોતો નથી. શ્રીમદ્‌માં આવે છે કે સર્વજ્ઞપદનું ધ્યાન કરો ધ્યાન કરો. ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપ છે, સર્વને જાણનાર સ્વભાવી છે.

'જ્ઞ' સ્વભાવી જીવો અનંત છે. 'અજ્ઞ' સ્વભાવી જડ તેનાથી અનંતગુણા છે એટલે કે જીવો ઓછા છે અને જડ વધારે છે પણ તે એક એક જીવમાં સર્વ જડને જાણવાની તાકાત છે. ઇન્દ્રિયજ્ઞાનની તો શું કિંમત! ભગવાન આત્મા તો એકલો 'સર્વજ્ઞ' જ્ઞાનનું સ્વત્વ છે. એનું સ્વપણું કેવડું છે કે, પોતાના જેવા અનંત જીવોને જાણે, એનાથી અનંતગુણા જડને જાણે, તેનાથી અનંતગુણા કાળના સમયોને જાણે, તેનાથી અનંતગુણા આકાશના પ્રદેશોને જાણે, તેનાથી અનંતગુણા એક દ્રવ્યના ગુણોને જાણે અને એવા અનંત ગુણોવાળા અનંત દ્રવ્યોને જાણે. આ બધાંને એક સાથે એક સમયમાં જાણી લે એવી તો એની પર્યાયની તાકાત છે અને તેનો સ્વભાવ તો એવી અનંત પર્યાયના સામર્થ્યને ધરનારો છે.

આવું પૂર્ણ જ્ઞાન જ્યાં પ્રગટ થાય ત્યાં દુઃખ શું હોય! આનંદ જ હોય. વિકલ્પ અને શરીરને કરવું એ કાંઈ ત્યાં નથી. ત્યાં તો જાણવું...જાણવું...જાણવું એક સમયમાં બધું જાણવું જ છે એવી અનંત પર્યાયનો પિંડ જે સર્વજ્ઞસ્વભાવી દ્રવ્ય છે

તેના ધ્યાનમાં અતીન્દ્રિય આનંદ આવ્યા વગર રહે જ નહિ. કારણ કે તેમાં પૂર્ણ જ્ઞાન અને આનંદ જ ભર્યાં છે.

અજ્ઞાનીને એમ થાય કે અરે, આવડો મોટો આ કોણ? ભાઈ એ તારી જ મોટપ છે. તારા સ્વત્વમાં જ આ જ્ઞાન અને આનંદ રહેલા છે. આવા, આટલાં બધાં જ્ઞાન અને આનંદવાળા સ્વત્વનું ધ્યાન કરતાં નિર્વિકલ્પ સમાધિ થાય તેમાં જે નિર્વિકારી શાંતિ પ્રગટ થાય એ મોક્ષનું કારણ છે.

જેનો જે સ્વભાવ છે તેને હદ શી! જેનું જે સ્વરૂપ-સ્વભાવ છે તેને માપ શા! છતાં તેનું જ્ઞાન પૂરું થાય છે—આખું સ્વરૂપ જ્ઞાનમાં આવી જાય છે પણ તેથી કાંઈ ચીજ માપવાળી થઈ જાય છે એમ નથી. આવું જે પોતાનું સ્વરૂપ છે તેનું ધ્યાન એટલે એકાગ્રતા એ જ મુક્તિનું કારણ છે. બેહદ સ્વભાવની મહિમાની એકાગ્રતા તે ધર્મધ્યાન તે મુક્તિનું કારણ છે.

ભગવાન આત્મા જ અતીન્દ્રિય સુખનું સાધન છે. પૂર્ણાનંદના સાધનનું સાધક દ્રવ્ય છે. બધું તારા દ્રવ્યમાં જ ભર્યું છે. પ્રભુ! તું એવો અને એવડો છો એમાં ક્યાંય શંકાને સ્થાન નથી. એવી નિ:શંકતા જ્ઞાનમાં લઈને આત્મા પોતાના સ્વભાવમાં ઢળે એ જ પર્યાયમાં મુક્તિનું કારણ છે.

હવે ૪૫મી ગાથામાં મુનિરાજ કહે છે કે, આત્મા પાંચ-ઇન્દ્રિયોને અગોચર છે. જે પાંચ ઇન્દ્રિયો વડે પાંચ વિષયોને જાણે છે પણ, ઇન્દ્રિયો વડે પોતે જણાતો નથી એવો આ આત્મા છે.

જે આત્મારામ શુદ્ધ નિશ્ચયનયથી અતીન્દ્રિય જ્ઞાનમય છે તોપણ અનાદિ બંધના કારણે, અસદ્ભૂત વ્યવહારનયથી ઇન્દ્રિયમય શરીર ગ્રહણ કરીને પોતાની પાંચ ઇન્દ્રિયો વડે રૂપાદિ પાંચ વિષયોને જાણે છે અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનરૂપ પરિણમન કરીને ઇન્દ્રિયોથી રસ, રૂપ, ગંધ, શબ્દ, સ્પર્શને જાણે છે પણ, પોતે તે ઇન્દ્રિયો અને તેના વિષયો વડે જણાતો નથી. એવું જેનું ઇન્દ્રિય અગોચર લક્ષણ છે તે આત્મા છે.

અહીં 'આત્મારામ' શબ્દ છે ને! તેના ઉપરથી એમ ભાવ આવ્યો કે, આત્મારામ તે આત્મારામ જ છે તે જાણવાનું જ કામ કરે તેમાં આ કેમ, આમ કેમ એવો પ્રશ્ન જ ઉઠતો નથી. જેને પરથી માન લેવું નથી, પરના અપમાન સહન કરવા નથી, જે થાય, જાય તેને બસ! જાણે છે. માત્ર જ્ઞાતાદૃષ્ટા છે તે ભગવાન આત્મારામ છે.

'જીવ એક અખંડ, સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય' આ શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃતનો

ચાકળો જુઓ ! સામે દિવાલમાં (-સ્વાધ્યાયમંદિરમાં) લખેલો છે. શ્રીમદ્જીને સીધાં બે ભણકાર પહેલાં ઉઠ્યા હતાં. એક સર્વજ્ઞપદનો અને બીજો ભવના અંતનો. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.'

સર્વજ્ઞે કહેલાં ધર્મ વિના તારો હાથ ઝાલનાર કોઈ નથી ભાઈ! સર્વજ્ઞે કહેલો તારા આત્મારામનો સર્વજ્ઞસ્વભાવ છે, તેમાં એકાગ્રતા કર એ તને શરણ છે, બીજું કોઈ તને શરણ નથી. તેના શરણે તું એકાંત સનાથ થઈશ એમ કહ્યું છે. કથંચિત્ સનાથ અને કથંચિત્ અનાથ રહીશ એમ નથી કહ્યું.

શ્રીમદ્માં એક શબ્દ એવો આવે છે કે, "સર્વજ્ઞે કહેલો આત્મા ગુરુ ગમે જાણવો." આત્મા...આત્મા... તો બધાં કહે પણ એમ નહિ. સર્વજ્ઞદેવે જાણેલો અને કહેલો એવો આત્મા કે જેના પેટમાં અનંત સર્વજ્ઞપર્યાય પડી છે એવા આત્માને ગુરુગમપૂર્વક તું જાણ. અનંતા સર્વજ્ઞ થઈ ગયા, અનંતા સર્વજ્ઞ થશે અને વર્તમાનમાં થઈ રહ્યા છે તે સર્વને એક સમયમાં જાણી લેવાની જેની પર્યાયમાં તાકાત છે એવા સર્વજ્ઞસ્વભાવી આત્માને તું જાણ.

શુદ્ધ નિશ્ચયનયથી આત્મા એકલા અતીન્દ્રિયજ્ઞાનનો પિંડ છે. છતાં અનાદિ બંધના કારણે અસદ્‌ભૂત વ્યવહારનયથી શરીરથી બંધાયેલો છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે અને આ શરીર ઇન્દ્રિયમય છે, તેમાં રહેલો આત્મા પાંચ ઇન્દ્રિય વડે તેના સ્પર્શ, રસાદિ વિષયોને જાણે છે. ઇન્દ્રિયજ્ઞાનરૂપે પરિણમીને એટલે ભાવેન્દ્રિય વડે પાંચ વિષયોને જાણે છે પણ ભગવાન આત્મા પોતે એ ઇન્દ્રિયો અને વિષયો વડે જણાય તેવો નથી.

દિવ્યધ્વનિ એ પણ શબ્દ છે, ઇન્દ્રિયજ્ઞાનનો વિષય છે પણ એ શબ્દ છે તેના જ્ઞાન વડે આત્મા જણાય તેવો નથી. કેમ કે આત્મા ઇન્દ્રિયોથી અગોચર છે. એ જ રીતે ભગવાનની પ્રતિમા કે આ શાસ્ત્રના પાના કે શબ્દોથી કે વાણીથી આત્મા જણાય તેવો નથી. તો ભગવાન આત્મા જણાય કેવી રીતે?—કે અંતરના અતીન્દ્રિયજ્ઞાનથી આત્મા જણાય તેવો છે.

ઘરમાં બે-પાંચ લાખનું મણિ આવે તો તેને જોવા બધાં ભેગાં થાય તેના પ્રકાશ, તેના પાસા, તેની ઉંડપ, ગહનતા વગેરે અનેક પ્રકારોને જોવા લાગે. એવો ટગ ટગ લગાવીને જુએ કે બીજો કાંઈ ખ્યાલ પણ ન રહે. ભૂખ લાગી હોય, જમવા બોલાવતાં હોય, દુધપાક બનાવ્યો હોય તોપણ કહે, પહેલાં મને જોઈ લેવા દ્યો બરાબર. કેમ કે તેની નજર મણિમાં

લાગી ગઈ છે. તેમ અહીં તને ચૈતન્યમૂર્તિ ભગવાન નજરે દેખાડવામાં આવે છે પણ તેને જોવા માટે આંખ કે ઇન્દ્રિયજ્ઞાન નહિ ચાલે, અતીન્દ્રિયજ્ઞાન વડે જ પ્રભુ તને દેખાશે. તેને જોવા જઈશ ત્યાં ઇન્દ્રિય અને ઇન્દ્રિય તરફનું જ્ઞાન તુરત અટકી જશે.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! પરમાત્મામાંથી પ્રગટેલા પ્રકાશથી પરમાત્મા જણાય છે. ઇન્દ્રિયો અને ઇન્દ્રિય તરફના પ્રગટેલા જ્ઞાનના પ્રકાશથી તે જણાય તેવો નથી. એટલે કે બહિર્મુખની લાગણીથી કે પરલક્ષી પરિણતીથી તે પકડાય તેવો નથી. તે તો અંતર્મુખના લક્ષે જ લક્ષમાં આવી શકે તેવો છે.

માણસને એમ લાગે કે આ કેવી એકાંત...એકાંતની વાત કરે છે પણ ભાઈ! વસ્તુનું સ્વરૂપ જ એવું એકાંતસ્વરૂપ છે.

પાંચ ઇન્દ્રિયોના વિષય-સુખના આસ્વાદથી વિપરીત, વીતરાગ નિર્વિકલ્પ પરમાનંદ સમરસીભાવરૂપ, સુખરસના આસ્વાદરૂપ, પરમ સમાધિ વડે જ જાણવામાં આવે છે તે જ્ઞાનગમ્ય છે.

પાંચ ઇન્દ્રિયના વિષયોને ભોગવતાં જે રાગનો-દુઃખનો-ઝેરનો સ્વાદ આવે છે તેનાથી વિપરીત જ્ઞાન-આનંદ શાંતિના સ્વાદ વડે જે જાણવામાં આવે છે તે પરમાત્મા છે. અંતર સ્વભાવની રાગ રહિત નિર્વિકલ્પ દૃષ્ટિમાં વીતરાગતા અને આનંદ છે જ્યારે ઇન્દ્રિય અને તેના વિષય તરફના લક્ષમાં રાગ અને દુઃખ છે.

સમાધિ એટલે વીતરાગી જ્ઞાન અને આનંદની દશા. લોકો સમાધિ કરવાનું કહે છે તે સમાધિ નથી. જ્ઞાન અને આનંદસ્વરૂપનું અસ્તિત્વ—આત્મા, તેની એકાગ્રતાથી જે જ્ઞાન-આનંદ પ્રગટ થાય છે તે વડે આત્મા ગમ્ય થાય છે–જાણવામાં આવે છે. રાગ વિનાની વીતરાગી શાંતિ અને જ્ઞાન વડે જે જાણવામાં આવે છે તે આત્મા જ ઉપાદેય છે. પોતાના અતીન્દ્રિય સુખનું સાધન જે પોતાનો આત્મા તે જ ઉપાદેય-આરાધવા યોગ્ય છે.

રાગનો રસ દુઃખરૂપ છે, ઝેર છે. કોઈ પણ જાતનો રાગ-વિકલ્પ, મન, શરીર, વાણી કે શબ્દના આશ્રયે આત્મા જણાય તેવો નથી. પ્રવચનસારમાં કહ્યું છે કે આ શાસ્ત્રોનું સાંભળવું એ પણ નિમિત્તમાત્ર છે. ખરેખર, વસ્તુ તો જ્ઞાનગમ્ય છે, શાસ્ત્રગમ્ય નથી અને એ નિમિત્ત પણ ક્યારે કે જ્યારે સ્વના લક્ષે કાર્ય થાય ત્યારે શાસ્ત્ર આદિને નિમિત્ત કહેવાય છે. રાગ વિનાનો આત્મા અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ અને અતીન્દ્રિય સુખ વડે સધાય તેવો છે. ઇન્દ્રિયો અને ઇન્દ્રિયના જ્ઞાનથી તો આત્મા અગમ્ય છે.

પોતાના સ્વરૂપનું સ્વાધીન સાધન પોતામાં પડ્યું છે તેની ખબર નથી, શ્રદ્ધા નથી કે મારી શાંતિના સાધન માટે મારે કોઈ વાણી, વિકલ્પ કે શબ્દની જરૂર નથી, મારું સાધન મારામાં છે. બીજાને સારે મોઢે બોલાવે—અહો ! ભાઈ સાહેબ પધાર્યા ! આંગણે સૂરજ ઊગ્યો, અજવાળાં થયાં; એને એમ હોય કે સારે મોઢે બોલાવશું તો કોઈવાર કામ લાગશે. ભાઈ! કોઈ તને સુખમાં કામ નહિ લાગે, દુઃખના નિમિત્ત થશે. બીજા પાસેથી મોટપ લેવામાં સુખ નથી પણ દુઃખ છે.

ભગવાન આત્માને તો કોઈ પાસેથી કામ લેવું નથી. કોઈને સાધન બનાવવા નથી. ઘણાં વર્ષ પહેલાં કોઈએ પ્રશ્ન કરેલો કે આ પંચાધ્યાય બહુ સરસ શાસ્ત્ર છે તે કોઈ હજાર છપાવે તો મોક્ષ થાય કે નહિ ? કીધું લાખ છપાવે તોપણ મોક્ષ ન થાય. અહીં તો ઘણી જાતના પ્રશ્નો આવે. પરમાણુની પર્યાયને બનાવે કોણ ! બનાવવાનો વિકલ્પ ઊઠયો છે તે પણ રાગ છે. તેનાથી આત્માને કલ્યાણ કેવી રીતે થાય? કુંદકુંદ-આચાર્યે સમયસાર બનાવ્યું તેનાથી તેમનું કલ્યાણ થયું છે ? એ તો પરમાણુનું પરિણમન છે, વિકલ્પ ઊઠ્યો તે રાગ છે તેનાથી આત્માનુ હિત ન થાય.

માટે, અહીં કહ્યું છે કે આત્મા ઇન્દ્રિયોથી અગમ્ય છે. આત્મા સ્વજ્ઞાનમાં ગમ્ય છે, પરજ્ઞાનમાં આત્મા ગમ્ય થતો નથી. અહીં તો પરમાત્માને ખુલ્લો કરવા માટે વારંવાર એની એ વાત ઘૂંટાવી છે માટે કોઈએ પુનરુક્તિ દોષ ન લેવો. આ તો ભાવનાનો ગ્રંથ છે. ભૂખ લાગે છે તેથી વારંવાર ખાવા કેમ જાય છે! રોજ રોજ એકની એક રોટલી, દાળ, ભાત, શાક ખાતાં કંટાળતો નથી. તેમ આત્માની વાતમાં (રુચિવાળો જીવ) કંટાળતો નથી. તેને વસ્તુની દૃઢતા થાય છે.

ઉપાદેયભૂત અતીન્દ્રિય સુખનું સાધન પોતાનો પરમાત્મસ્વભાવ જ ઉપાદેય છે એ વાત કહીને હવે ૪૬ મી ગાથામાં કહે છે કે નિશ્ચયથી જેમાં બંધ અને સંસાર નથી તે આત્મા છે. તેને સર્વ લૌકિક વ્યવહાર છોડીને સારી રીતે ઓળખો.

સત્‌સ્વરૂપની દૃષ્ટિએ વસ્તુને જુઓ તો એકલો સત્...સત્...સત્‌ના સત્ત્વ સ્વરૂપ, એકરૂપ વસ્તુને બંધ પણ નથી અને સંસાર પણ નથી.

શ્રોતા :—પણ પર્યાયમાં અત્યારે તો બંધન છે ને!

અરે! સાંભળને પર્યાયમાં-અંશમાં અત્યારે બંધન છે પણ વસ્તુમાં બંધન અને સંસાર કયા છે? અનાદિથી વસ્તુમાં સંસાર છે જ નહિ. અરૂપી પણ વસ્તુ છે ને! રૂપ નથી માટે પદાર્થ કાંઈ નથી? વસ્તુ છે, અરૂપી દળ છે...પદાર્થ છે...સત્ત્વ છે...ધ્રુવ છે... એકરૂપ સ્વભાવે રહેવાવાળું તત્ત્વ છે. તેમાં સંસાર નથી. એક સમયની પર્યાયમાં રહેલો

બંધ અને સંસાર વસ્તુમાં નથી. સંસાર અને બંધ તો પર્યાયનયનો વિષય છે. વસ્તુની દૃષ્ટિમાં તેનો અભાવ છે.

સર્વ લૌકિક વ્યવહાર એટલે દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ તે વ્યવહાર છે. તે વસ્તુમાં નથી માટે તે અભૂતાર્થ છે. વ્યવહારનય જ લૌકિક છે. તે લોકોત્તર નથી. વ્યવહારનય નથી એમ નથી પણ તેનો વિષય બધો લૌકિક છે. વિકલ્પનો ભાગ, બંધનો ભાગ તે વ્યવહારનયનો વિષય છે, તે વ્યવહાર વસ્તુમાં નથી. એક સમયનો સંસાર ત્રિકાળી વસ્તુમાં નથી માટે તે પણ અભૂતાર્થ છે.

આવા સંસાર અને બંધ રહિત ભગવાન આત્માને ભલી રીતે ઓળખો તે વાત આગળ કહેવાશે.

સર્વજ્ઞસ્વભાવનું અપૂર્વ દર્શન કરાવી, સર્વજ્ઞતાના ભણકાર વગાડનાર સર્વજ્ઞ લઘુનંદન શ્રી સદ્‌ગુરુદેવનો જય હો. [ ક્રમશઃ ]

—※—

# 卐 સ્વાનુભૂતિ કર 卐

※ આત્મામાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો ભરેલાં છે. તે જગતથી જુદું, અનુપમ ને આશ્ચર્યકારી તત્ત્વ છે. એને ઓળખીને સ્વાનુભૂતિ કરવી તે જ મુક્તિનો મારગ છે. ક્ષણિક પર્યાયો છે તેમાં પણ અટકવા જેવું નથી. અનાદિ-અનંત શાશ્વત ચૈતન્યદ્રવ્ય કે જે પારિણામિક-ભાવ સ્વરૂપ છે તેને ઓળખીને, તેના ઉપર દૃષ્ટિ દઈને અને બીજા બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, અંતરદૃષ્ટિ પ્રગટ કરવી આત્માની. ચૈતન્ય.... ચૈતન્ય....ચૈતન્ય તરફ જવું, પરિણતિને તેના તરફ લેવી, મતિ અને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે તેને અંતરમાં લાવવો; તે જ કરવાનું છે. આત્મા તરફ પરિણતિને દોડાવવી; વારંવાર એ જ કરવાનું છે. એમ કરતાં, વચ્ચે શુભ ભાવ આવે ખરા, પણ એ તો પુણ્યબંધનું કારણ છે, આત્મા તો એ બધાથી જુદો છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જે શુભ ભાવ થાય તેનાથી પણ આત્મા જુદો છે—એમ બધાથી નિરાળા એવા ચૈતન્યતત્ત્વની શ્રદ્ધા કરવી, પહેલાં શ્રદ્ધા થાય અને પછી જેવી શ્રદ્ધા-પ્રતીતિ થાય એવો જ તેનો પુરુષાર્થ થાય. રુચિ અનુયાયી વીર્ય. જેની જેવી રુચિ અને શ્રદ્ધા હોય તેવો જ તેનો પુરુષાર્થ કામ કરે છે. —પૂજ્ય બહેનશ્રી

# સર્વ દ્રવ્યોમાં સદા ઊર્ધ્વ રહેતું જીવતત્ત્વ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં-૭ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. ભૂમિકા ચાલે છે. તેમાં જીવદ્રવ્યનું સ્વરૂપ કાલે આવ્યુ હતું ને!

**चेतनवंत अनंत गुन, परजै सकति अनंत ।**
**अलख अखंडित सर्वगत, जीव दरव चिरतंत ॥ २० ॥**

આત્માનું નિજસ્વરૂપ ચૈતન્યરૂપ છે, તેમાં જાણવું, દેખવું આદિ અનંત ગુણ છે, તેમાં અનંત પર્યાય છે એટલે કે દ્રવ્ય પરિણમ્યા કરે છે, કૂટસ્થ નથી, વસ્તુ તરીકે કાયમ રહીને દશા બદલાયા કરે છે. અધર્મ ટળીને ધર્મ થાય, દુઃખ ટળીને સુખ થાય એ બધું પર્યાયમાં થાય છે. આવી પર્યાય પણ એક એક ગુણમાં અનંત પર્યાય છે અને શક્તિ પણ અનંત છે. જેનો જે સ્વભાવ છે તેની શક્તિનું શું કહેવું?

अलख — આત્મા ઇન્દ્રિયોથી જણાય તેવો નથી. અતીન્દ્રિય મહાપદાર્થ છે. તે અતીન્દ્રિયજ્ઞાન વડે જ જણાય તેવો છે. શરીર, ઇન્દ્રિય, મન, વિકલ્પ કે રાગ દ્વારા અનુભવમાં આવે એવો એ પદાર્થ નથી.

अखंडित — આત્મામાં અનંત ગુણો હોવા છતાં તેમાં ભેદ નથી. વસ્તુ તરીકે આત્મા અખંડ એક વસ્તુ છે. सर्वगत છે એટલે કે એક સમયમાં આખા લોકાલોકને જાણવાના સ્વભાવવાળુ આ જીવદ્રવ્ય છે. આ જીવદ્રવ્યનો રાગરહિત થઈને અંતર અનુભવ કરવો તેનું નામ ધર્મ છે. જીવદયા પાળવી કે વ્રતાદિ લેવા તે ધર્મનું સ્વરૂપ નથી.

**फरस-वरन-रस-गन्धमय, नरद-पास संठान ।**
**अनुरूपी पुदगल दरव, नभ-प्रदेश-परवान ॥ २१ ॥**

જેમ આ જીવ પદાર્થ છે તેમ પુદ્ગલ પણ પદાર્થ છે. તે જીવથી જુદી ચીજ છે. જુદી છે માટે તેનાથી જુદું પડવાનું છે. શરીર, વાણી, મન, મકાન, લક્ષ્મી આદિ પુદ્ગલ છે. તેમાં સ્પર્શ, રસ, ગંધ અને આકાર આદિ ગુણો હોય છે. છ પાસાવાળા ચોપાટ જેવો એક એક પુદ્ગલ પરમાણુનો આકાર હોય છે અને જેવો પરમાણુનો આકાર છે તેવો જ એક એક પ્રદેશનો આકાર છે. આ બધી સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત છે. કલ્પના નથી.

જગતના પદાર્થોનો આવો સ્વભાવ છે તે સર્વજ્ઞના એક સમયના જ્ઞાનમાં આવ્યો છે અને ઇચ્છા વિના નીકળતી સર્વજ્ઞ ભગવાનની ૐધ્વનિમાં આ સ્વરૂપ જગત સામે જાહેર થયું છે.

ચૌદ બ્રહ્માંડમાં એક ધર્મ નામનું દ્રવ્ય છે જે ગતિ કરતા જીવ અને પુદ્ગલોને ગતિમાં નિમિત્ત બને છે. આ પણ અરૂપી એક વસ્તુ છે.

जैसें सलिल समूहमें, करै मीन गति–कर्म ।
तैसें पुदगल जीवकौं, चलनसहाई धर्म ॥ २२ ॥

જેમ પાણીમાં માછલી પોતાનું ગતિનું કાર્ય કરે છે તેમાં તેને પાણી નિમિત્ત છે તેમ, જીવ અને પુદ્ગલ ગતિ કરે છે તેમાં ધર્મદ્રવ્ય નિમિત્તકારણ છે. જીવ, પુદ્ગલ પોતાના ઉપાદાનથી ગતિ કરે છે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્તકારણ થાય છે. પાણી માછલીને ચલાવતું નથી પણ માછલી પોતે ચાલે ત્યારે તેમાં પાણી નિમિત્ત કહેવાય છે તેમ, ધર્મદ્રવ્ય જીવ-પુદ્ગલને ચલાવતું નથી પણ એ પોતાની મેળે ગતિ-કર્મ કરે ત્યારે ધર્મદ્રવ્યને ઉદાસીન નિમિત્ત કહેવાય છે, પ્રેરક નિમિત્ત નથી.

જીવ-પુદ્ગલને ગતિ કરવામાં ધર્મદ્રવ્યને સહકારી કારણ કહ્યું છે એટલે કે સાથે છે પણ તેનો અર્થ એવો નથી કે તે ગતિ કરાવી દે છે. માછલી ગતિ કરે ત્યારે પાણી ત્યાં હોય છે. પાણી માછલીને ગતિ કરાવી દેતું નથી. તેમ ધર્મદ્રવ્ય આખા લોકમાં વ્યાપેલું છે તે જીવ-પુદ્ગલને ગતિ સમયે હાજર છે પણ ગતિ કરાવી દેતું નથી. બે દ્રવ્યની સ્વતંત્રતા તો પ્રસિદ્ધ છે પણ લોકોને ખબર નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી ન શકે. માત્ર સહકારી તરીકે સાથે હોય છે.

હવે અધર્મદ્રવ્યનું લક્ષણ કહે છે.

ज्यौं पंथी ग्रीषमसमै बैठे छायामांहि ।
त्यौं अधर्मकी भूमिमैं, जड़ चेतन ठहराँहि ॥ २३ ॥

ચૈત્ર માસના તડકામાં મુસાફર રસ્તે ચાલ્યો જતો હોય તે વૃક્ષની છાયા આવતાં ત્યાં બેસી જાય છે. છાયો તેને બેસવાનું કહેતો નથી પણ પંથી પોતે બેસે છે. તેમ જડ-ચૈતન્યને અધર્માસ્તિકાય સ્થિર કરી દેતુ નથી પણ જડ-ચૈતન્ય પોતે કર્તા થઈને ગતિપૂર્વક સ્થિતિ કરે છે ત્યારે અધર્માસ્તિકાયને નિમિત્તકારણ–સહકારીકારણ — ઉપસ્થિત દ્રવ્ય અથવા ઉદાસીનકારણ કહેવાય છે.

શબ્દ જોયો? बैठे छायामांहि। છાયો મુસાફરને કહેતો નથી કે તું બેસ! પણ મુસાફર છાયામાં બેસે ત્યારે છાયાને નિમિત્ત કહેવાય છે. તેમ જડ, ચૈતન્ય ઠરે (સ્થિર થાય) ત્યારે અધર્માસ્તિકાયને નિમિત્ત કહેવાય છે.

જેમ જડ અને ચૈતન્ય દ્રવ્ય છે તેમ આકાશ પણ એક દ્રવ્ય છે જે અરૂપી સર્વવ્યાપક પદાર્થ છે. ખાલી....ખાલી....ખાલી જગ્યા તે આકાશ છે. દશે દિશામાં ક્યાંય તેનો અંત નથી, તે આકાશદ્રવ્યનું સ્વરૂપ અહીં કહ્યું છે.

संतत जाके उदरमैं, सकल पदारथवास।
जो भाजन सब जगतकौ, सोई दरव अकास ॥ २४ ॥

જેના પેટમાં એટલે જેની જગ્યામાં બધાં દ્રવ્યો સદાય વસેલા છે તે આકાશદ્રવ્ય છે. આકાશ પહેલાં હતું ને પછી બીજાં દ્રવ્યો થયા અને આકાશમાં રહ્યાં એમ નથી. પાંચેય દ્રવ્યો નિરંતર આકાશમાં વસેલા છે.

શ્રોતા :— આકાશ અને પાંચ દ્રવ્યોને આધાર-આધેય સંબંધ હશે ને!

પૂજ્ય ગુરુદેવ :— વ્યવહારથી આધાર-આધેય સંબંધ છે. બાકી કોને કોનો આધાર! પોતે જ પોતાનો આધાર છે. આકાશને કોનો આધાર છે? પોતે જ આધાર છે. તેમ જડ અને ચૈતન્ય પોતાના અવગાહનમાં જ રહેલા છે તેને આકાશના અવગાહનનું નિમિત્ત છે. માટે કહ્યું કે પાત્રમાં જેમ વસ્તુ રહે તેમ જીવ, પુદ્‌ગલાદિને રહેવાનું આકાશ એક પાત્ર છે.

નોટ :— અવકાશ આપવાનો — જગ્યા આપવાનો આકાશનો પરમ ધર્મ છે. તેથી બીજા દ્રવ્યોને અવકાશ આપે છે. તેમ આકાશ પોતે પોતાને પણ અવકાશ આપી રહ્યું છે. જેમ જાણવાનો જીવનો સ્વભાવ છે તેથી બધાંને જાણે તેમ જીવ પોતાને પણ જાણે છે. તેવી રીતે આકાશ બધાંને અવકાશ આપે છે તેમ આકાશનો આધાર આકાશ પોતે છે.

જગતમાં કાળ નામના સૂક્ષ્મ, અરૂપી અણુઓ છે. જડ અને ચૈતન્યમાં રૂપાંતર થાય છે તેમાં તે નિમિત્ત બને છે. બદલવાનું ઉપાદાન દ્રવ્ય પોતે છે પણ તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે.

जो नवकरि जीरन करै, सकल वस्तुथिति ठानि।
परावर्त वर्तन धरै, काल दरब सो जानि ॥ २५ ॥

જે વસ્તુનો નાશ ન કરતાં, સર્વ વસ્તુની નવી હાલતો પ્રગટ થવામાં અને પૂર્વ પર્યાયોના નાશ પામવામાં નિમિત્ત કારણ છે એવા વર્તના લક્ષણના ધારક દ્રવ્યને કાળદ્રવ્ય કહે છે.

જડ અને ચૈતન્ય પોતે કર્તા થઈને નવી પર્યાયને ઉપજાવે છે અને જૂની પર્યાયનો નાશ કરે છે તેમાં કાળદ્રવ્ય ઉદાસીનકારણ થાય છે. જગતના પદાર્થોનો આવો સ્વભાવ છે.

કાળદ્રવ્યનો પરમ ધર્મ વર્તના છે. તેથી તે અન્ય દ્રવ્યોની વર્તનામાં નિમિત્ત અને પોતાની પર્યાયોને પણ પલટે છે. કાળદ્રવ્યના અસંખ્ય અણુઓ આખા ચૌદ બ્રહ્માંડ અંદર રહેલાં છે. તે અરૂપી અને સૂક્ષ્મ દ્રવ્ય છે. અનંત ગુણનો પિંડ છે અને સમે સમયે પોતાની પર્યાયને બદલે છે અને બીજા દ્રવ્યોની પર્યાય બદલવામાં નિમિત્ત છે.

આવું આ છ દ્રવ્યોનું સ્વરૂપ છે. તેને જાણવાનો જીવનો સ્વભાવ છે. આવા સ્વભાવને જાણીને, સ્વરૂપમાં દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. દ્રવ્યના આવા સ્વભાવની ખબર હોય અને આત્માનો અનુભવ થઈ જાય એમ બનતું નથી. કેમ કે જાણવાનો જીવને સ્વભાવ છે અને છ દ્રવ્ય છે છતાં ન માને તો તેનું જ્ઞાન પણ ખોટું ઠરે છે.

હવે, નવ પદાર્થોનું જ્ઞાન પણ અનુભવનું કારણ છે માટે તેમનું વિવેચન કરવામ આવે છે. જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ – તથા પુણ્ય અને પાપ આ નવ તત્ત્વો છે. જીવ પદાર્થનું વર્ણન આગળ આવી ગયું. અહીં જીવતત્ત્વનુ વર્ણન કરે છે.

समता रमता उरधता, ग्यायकता सुखभास,
वेदकता चैतन्यता, ए सब जीवविलास ॥ २६ ॥

આ ભગવાન આત્માનો વિલાસ બતાવાય છે. રાગ–દ્વેષ રહિત વીતરાગભાવ તે સમતા છે. રાગભાવમાં લીન થવું તે જીવનો સ્વભાવ નથી, વીતરાગભાવમાં લીન થવું તે સ્વભાવ છે.

શ્રીમદ્ રાજચંદ્રે પોતે આ પદનો અર્થ કર્યો છે. શ્રીમદ્‌રાજચંદ્ર પુસ્તકમાં ૪૩૬મો પત્ર છે. ૨૯માં વર્ષમાં લખેલો છે. તે આપણે લઈએ.

શ્રી તીર્થંકર ભગવાને આ જગતમાં જીવ નામના પદાર્થને જે પ્રકારે કહ્યો છે, તે અત્યંત યથાસ્થિત કહ્યો છે. તેને અમે નિરાબાધપણે જાણ્યો છે, અમે એવો આત્મા સ્પષ્ટ અનુભવ્યો છે, પ્રગટ તે જ આત્મા અમે છીએ.

તે આત્મા 'સમતા' લક્ષણથી યુક્ત છે, અસંખ્ય પ્રદેશી છે, વર્તમાનમાં જેવી ચૈતન્યની સ્થિતિ છે તેવી જ ભૂતકાળમાં હતી. અનંતકાળથી એવો છે અને ભવિષ્યમાં પણ એવો જ રહેશે. અસંખ્ય પ્રદેશમાંથી કદી વધ-ઘટ થતી નથી, અરૂપી છે તેમાંથી કદી રૂપી થતો નથી. ત્રિકાળ આનંદકંદ સ્વભાવી છે તે એવો ને એવો જ રહે છે.

જેમ લોટાથી પાણી જુદું છે તેમ આ દેહ કાશીઘાટના લોટા જેવો છે તેનાથી ભગવાન આત્મા ત્રિકાળ જુદો છે. લોટાનો આકાર લોટાના કારણે અને પાણીનો આકાર પાણીના કારણે છે. તેમ શરીરનો આકાર શરીરના કારણે અને આત્માનો આકાર આત્માના કારણે છે.

ચૈતન્યપણું, અરૂપીપણું, અસંખ્યપ્રદેશીપણું આદિ જે જીવના સ્વભાવ છે તે કદી છૂટતા નથી. આવું જે સમપણું, તેનું નામ સમતા છે, તે જીવનું લક્ષણ છે. આ બધાં ચૈતન્ય આદિ સ્વભાવો ભૂત, વર્તમાન, ભવિષ્ય ત્રણેય કાળમાં એમ ને એમ રહે છે. ત્રણેકાળ એકરૂપ રહે છે. સમ + તા = સમપણું એમ કહેવું છે. બનારસીદાસજીને પણ આ જ કહેવું છે. સમતા શબ્દમાં ક્ષેત્રથી, કાળથી, ગુણથી સરખાપણું બતાવ્યું.

શ્રીમદ્ રાજચંદ્રનો ક્ષયોપશમ ઘણો હતો. તે વખતે ક્ષયોપશમમાં આ એક જ પુરુષ હતાં પણ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં હતા તેથી કિંમત થઈ નહિ. લોકોને બાહ્યત્યાગની જ કિંમત છે. લોકોને તત્ત્વની મહિમા નથી પણ બાહ્યત્યાગની જ મહિમા છે પણ તત્ત્વના ભાન વગરના બાવા થઈને બેસે તેની શું કિંમત છે!

જીવનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર અનાદિ અનંત છે, ચૈતન્યપણાનો ભાવ અનાદિ-અનંત છે. અરૂપીપણું અનાદિ અનંત છે. આમ ચૈતન્યદ્રવ્ય અનાદિ-અનંત એટલે ત્રણે કાળ આવા લક્ષણથી સહિત છે.

આત્મસિદ્ધિમાં શ્રીમદે આત્માનું સ્વરૂપ લખ્યું છે ને,

શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

ભગવાન આત્મા શુદ્ધ-બુદ્ધ—જ્ઞાનનો દરિયો, જ્ઞાનના સ્વભાવવાળુ તત્ત્વ છે. ચૈતન્યઘન છે, સ્વયંપ્રકાશી છે, તેને પ્રકાશવા માટે બીજાની જરૂર નથી. સુખધામ-આનંદનું ધામ છે, અનંત અતીન્દ્રિય આનંદનું ધામ આત્મા પોતે છે. બીજામાં—સ્ત્રી, ધનાદિમાં તેનું સુખ નથી.

સમતાનો સીધો અર્થ તો વીતરાગભાવમાં રહેવું તે છે. તે તો અમુક કાળે જ થાય. પણ શ્રીમદ્દે તો બનારસીદાસના કાવ્યમાંથી સમતાને ત્રિકાળ લક્ષણ ગણીને અર્થ કાઢયો છે. ત્રિકાળ જેનામાં ચૈતન્યપણું આદિ ગુણ છે તે આત્મા છે. એ સમતાનો અર્થ છે અને રમતા એટલે વીતરાગભાવમાં રમવું તે. નાટકમાં સમતા રમતાનો એક જ અર્થ લઈ લીધો છે અને અહીં બંનેના જુદા અર્થ કર્યા છે. શ્રીમદે બહુ સરસ અર્થ કર્યા છે.

'રમતા' એટલે રમણપણું; શું રમણપણું ? કે—પશુ પક્ષી, મનુષ્ય, વૃક્ષાદિ દેહને વિષે જે રમણીયપણું જણાય છે — શરીરની અંદર જે રમણીય આત્મા જણાય છે, સ્ફુર્તિ દેખાય છે, સુંદરપણાથી જે સહિત છે એવું રમણપણું તે આત્માનું લક્ષણ છે. આવા આત્માની રમણીયતા ન હોય તો આખું જગત શૂન્યવત્ સંભવે છે.

પ્રકાશના પ્રકાશક એવા ભગવાન આત્માની હયાતી વિના જગત આખું શૂન્યવત ભાસે છે. આવી આત્માની રમણીયતા છે.

શ્રીમદ્‌ના અંતરની ક્ષયોપશમની ઘણી ગંભીરતા હતી.... શબ્દના અંતરના ભા
પણ કેવા કાઢયા છે! પણ લોકોએ એમને બહારથી જ કલ્પી લીધાં છે. તેમની બહારથ
ભક્તિ કરીને મુક્તિ થશે એમ માને છે. ભક્તિ એ તો શુભરાગ છે તેનાથી મુક્તિ કેવ
રીતે થાય? ગુરુની સામે જોવાથી મુક્તિ ન થાય. એમણે તો એ કહ્યું છે કે તું તારી
સામે જો. સ્વદ્રવ્યની રક્ષા કર! રાગ, પુણ્ય એ તારી ચીજ નથી.

સ્વદ્રવ્યની રક્ષા કર, સ્વદ્રવ્યનો ધારક થા. સ્વદ્રવ્યમાં વ્યાપી જા. પુણ્ય–પાપમાં ન
વ્યાપ, એ તો જડ છે, પર છે, તેમાં તારો વિસ્તાર કરવા ન જા. સ્વદ્રવ્યને ધાર! એમ
કહ્યું છે. કયાંય એમ નથી કહ્યું કે, અમારી ભક્તિ કર તો તારી રક્ષા થશે. અમને ધાર
એમ પણ નથી કહ્યું. તેમાં તો છેલ્લે કહ્યું છે કે, પરદ્રવ્યનું રક્ષકપણું ત્વરાથી તજી દો
પરદ્રવ્યનું ધારકપણું ત્વરાથી તજી દો. પરદ્રવ્ય, રાગાદિ મારા એમ ધારી રાખ્યું છે તે
છોડી દે!

આવા લક્ષણોથી જે યુક્ત છે તે આત્મા છે. તેના લઈને બધું રમ્ય લાગે છે
તેના વગર તો બધું શૂન્ય જેવું લાગે છે. આવું રમ્યપણું જેનામાં છે તે આત્મા છે
આત્મા છે તો શરીર આવું દેખાય છે. આત્મા જાય ત્યાં શરીર ઢળી પડે છે. ભલે આત્મા
છે ત્યારે પણ શરીરની સ્થિતિ તો શરીરના કારણે છે. આત્માએ તેને રાખી નથી. આત્મા
હોય અને શરીર સડે છે એવું પણ બને છે, ઈયળો પણ પડે છે, એ તો શરીરનો સ્વભાવ
છે. અમે એક જગ્યાએ ગયા હતાં ત્યાં એક ભાઈનું શરીર એવું સડી ગયેલું કે, મરી
ગયેલું ગધેડું ગંધાય તેવું ગંધાતુ હતું. એક જગ્યાએ એક જુવાન બાઈને માતા નીકળ્યા
હતાં તો દાણે–દાણે ઈયળો પડી હતી. આત્મા તો અંદરમાં છે છતાં શરીર સડે છે એ
શરીરનો સ્વભાવ છે.

અહીં તો એ બતાવવું હતું કે આત્મા હોય ત્યાં સુધી શરીર તેની પોતાની
યોગ્યતાથી તેજવાળું રહે છે. અંતરમાં તેજી અને સ્ફૂર્તિ છે તે આત્માની છે. એવી
આત્માની રમણીયતા છે.

ઉરધતા નો અર્થ અહીં ઊર્ધ્વગમન કર્યો છે તે તો કયારેક જ થાય પણ અહીં
શ્રીમદે સારો અર્થ કર્યો છે કે જે આત્માનો કાયમી સ્વભાવ છે. 'ઊર્ધ્વપણું' એ આત્માનો
સ્વભાવ છે. કોઈ પણ જાણનાર કયારે પણ કોઈ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે
જાણે એમ બનતું નથી. ચૈતન્યની અવિદ્યમાનતામાં કોઈ પદાર્થ જણાતો નથી. માટે કોઈ
પણ પદાર્થને જાણવામાં પ્રથમ, પોતાની વિદ્યમાનતા હોવી ઘટે છે.

આ શરીર છે, આ વાણી છે. એ બધું આત્માની હયાતી વિના શેમાં જણાય?
માટે દરેક પદાર્થને જાણવા પહેલાં જેની મુખ્યતા છે એવો જીવનો 'ઊર્ધ્વ' સ્વભાવ છે.
રાગ થાય, દ્વેષ થાય, શરીરમાં ફેરફાર થાય તે જાણનારા વિના શેમાં જણાય? જણાય

જ નહિ. માટે બધાંમા જાણનારની જ મુખ્યતા છે. કોઈ પણ પદાર્થના ગ્રહણ, ત્યાગને જ્ઞાન જાણે છે. કોઈનું ઉદાસીન જ્ઞાન થવામાં પણ કારણ પોતે જ છે.

આમ, કોઈ પણ પદાર્થના અલ્પ પણ જાણવામાં, અંગીકાર કરવામાં, ત્યાગ કરવામાં પ્રથમ જે રહેલો છે તે આત્મા છે. જ્ઞાન વગર કોઈ પદાર્થનું જાણવું થઈ શકતું નથી. આ પદાર્થને હું અંગીકાર કરું છું કે આ પદાર્થનો ત્યાગ કરું છું એમ જાણનાર વિના કોણ જાણે!

આમ, સર્વથી પ્રથમ રહેનારો — ઊર્ધ્વ — તે જીવ પદાર્થ છે. તેને ગૌણ કરીને એટલે કે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઈચ્છે તો તે બનવાયોગ્ય નથી. માત્ર તે જ મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય એવો એ પ્રગટ 'ઊર્ધ્વતાધર્મ' જેના વિષે છે તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે. [ક્રમશઃ]

—o—

## 卐 મારે એક આત્મા જ જોઈએ છે 卐

અનંતા જ્ઞેયો જ્ઞાનમાં ઝળકે તોય મને એમાં આશ્ચર્ય નથી, આશ્ચર્યકારી મહિમાવંત તો મારો આત્મા છે. તે આત્મામાં મેં દૃષ્ટિ સ્થાપી છે. દૃષ્ટિ-અપેક્ષાએ ક્રોધ–માન–માયા–લોભ તથા મન–વચન–કાયા આદિના બધા વિકલ્પોનો મારામાં અભાવ છે પરિણતિમાં પુરુષાર્થ ઊપડતાં—ઉપયોગ પોતા તરફ વળતાં—સ્વાનુભૂતિ થાય છે; ત્યાં જ આત્માની વિશ્રાંતિ છે, અનંત કાળના થાકનો વિરામ ત્યાં જ છે. હવે તો મારે બીજું કાંઈ જોઈતું નથી, એક આત્મા જ જોઈએ છે. અનંત કાળથી જ્ઞેયોમાં એકત્વબુદ્ધિપૂર્વક તેમને ગ્રહવાની જે ભૂલ કરતો હતો તે હવે મેં છોડી દીધી છે. વિભાવથી જુદો પડતાં હું પાંચ ઇન્દ્રિયોથી ભિન્ન સ્વયં જ્ઞાતા થઈ ગયો છું. સ્વપરને જાણવું તે તો મારો સ્વભાવ છે; હું આનંદસાગરમાં રહેનારો, ચૈતન્ય-નગરમાં વસનારો છું; મને જ્ઞેયોનું આશ્ચર્ય નથી, આખો લોકાલોક જણાય તોપણ મને તેનું આશ્ચર્ય નથી, હું પોતે જ આશ્ચર્યકારી મહિમાવંત પરમ પદાર્થ છું. —પૂજ્ય બહેનશ્રી

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૧૧-૩૧૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્મભાવનાની વ્યાખ્યા ચાલે છે. વસ્તુ અનેકાન્તમય છે. તે સપ્તભંગદ્વારા જાણીને યથાર્થ શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શનરૂપી ધર્મ છે. જીવાદિ નવ પદાર્થ પણ વસ્તુ છે તેમાં પણ સપ્તભંગી ઉતરે છે.

(૧) જીવ અને પુદ્ગલ દરેક વસ્તુ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. તે સ્યાત અસ્તિરૂપ ધર્મ છે. (૨) દરેક જીવ અને પુદ્ગલ પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી, તે સ્યાત્ નાસ્તિરૂપ ધર્મ છે. (૩) વસ્તુ સ્યાત્ અસ્તિત્વ નાસ્તિત્વરૂપ છે. એ પ્રમાણે વસ્તુમાં બન્ને ધર્મો હોય છે અને બન્ને ક્રમથી કહી શકાય છે. (૪) વસ્તુ સ્યાત અવક્તવ્ય છે. વસ્તુમાં અસ્તિનાસ્તિરૂપ બન્ને ધર્મો એકી સાથે હોવા છતાં એકી સાથે કહી શકાતા નથી. માટે કોઈ અપેક્ષાએ વસ્તુ અવકતવ્ય છે. (૫) વસ્તુ સ્યાત અસ્તિ અવકતવ્ય છે. આત્મા પોતાપણે છે એમ કહી શકાય છે પણ અસ્તિ-નાસ્તિ બન્ને ધર્મો એકી સાથે કહી શકાતા નથી. (૬) વસ્તુ સ્યાત નાસ્તિ અવકતવ્ય છે. આત્મા અને દરેક દ્રવ્ય પરથી નાસ્તિરૂપ છે પણ અસ્તિ-નાસ્તિ બન્ને ધર્મો એકી સાથે કહી શકાતા નથી. (૭) વસ્તુ સ્યાત અસ્તિ-નાસ્તિ અવકતવ્ય છે. પદાર્થના બન્ને ધર્મો ક્રમપૂર્વક કહી શકાય છે પણ એક સાથે કહી શકાતા નથી. એ અપેક્ષાએ આત્મા કથંચિત અસ્તિ-નાસ્તિ અવકતવ્ય છે. આ સાત ભંગો સ્વતંત્ર છે. તેનાથી વસ્તુનું સ્વરૂપ યથાર્થ જાણી શકાય છે.

આ રીતે અસ્તિ-નાસ્તિના સાત ભંગ થયા. તે પ્રમાણે બીજા એકત્વ-અનેકત્વ વગેરે સામાન્ય ધર્મો ઉપર સપ્તભંગ વિધિ નિષેધપૂર્વક બનાવવા. જેમકે (૧) જીવ સ્યાત્ એકત્વરૂપ છે. (૨) સ્યાત્ અનેકરૂપ છે. (૩) સ્યાત્ એક અનેકરૂપ છે. (૪) સ્યાત્ અવકતવ્ય છે. કેમકે બન્ને ધર્મ એક સાથે કહી શકાતા નથી. (૫) સ્યાત્ એકત્વ અવકતવ્ય છે. (૬) સ્યાત્ અનેકત્વ અવકતવ્ય છે. (૭) સ્યાત્ એક અનેક અવકતવ્ય છે આમ બધા ધર્મોમાં સપ્તભંગ ઉતરે છે.

વળી એ જ પ્રમાણે જીવત્વ આદિ વિશેષ ધર્મોમાં પણ સાત સાત ભંગ બનાવવા. જેમ જીવ નામની વસ્તુ ઉપર 'સ્યાત્ જીવત્વ-સ્યાત્ અજીવત્વ' ઈત્યાદિ પ્રકારે લગાવવા. ત્યાં અપેક્ષા આ પ્રમાણે છે કે પોતાનો જીવત્વ ધર્મ પોતાનામાં છે માટે જીવત્વ છે. પણ પર અજીવનો અજીવત્વ ધર્મ તેમાં નથી માટે જીવ નામની વસ્તુમાં અજીવત્વ છે. અને જીવત્વ ધર્મ સિવાયના બીજા ધર્મોને મુખ્ય કરીને કહીએ તો તેની અપેક્ષાએ પણ અજીવત્વ છે. આ રીતે જીવ નામના પદાર્થમાં (૧) જીવત્વ અને (૨) અજીવત્વ લાગુ પડે

છે તે અનેકાંત છે એવી રીતે (૩) સ્યાત્ જીવત્વ અજીવત્વ છે. (૪) સ્યાત્ અવકતવ્ય છે (૫) સ્યાત્ જીવત્વ અવકતવ્ય છે. (૬) સ્યાત્ અજીવત્વ–અવકતવ્ય છે. (૭) સ્યાત્ જીવત્વ અજીવત્વ અવકતવ્ય છે.

જીવ અનંત છે તેની અપેક્ષાએ પોતાનું જીવત્વ પોતાનામાં છે અને પરનું જીવત્વ તેમાં નથી તેથી એ અપેક્ષાએ અજીવત્વ છે. એમ પણ સાધી શકાય છે. આ આત્માની અપેક્ષાએ દુનિયા બધી અનાત્મા છે. આ જીવની અપેક્ષાએ સિદ્ધ અને કેવળીનો જીવ તે અજીવ છે. આવી અનેકાન્ત વસ્તુની સ્થિતિ છે. કોઈ એમ કહે છે કે જગતના બધા એકાંત ધર્મોને મેળવીને ભગવાને અનેકાન્ત કરેલ છે. પણ એમ નથી. વસ્તુનો સ્વભાવ જ અનેકાન્તસ્વરૂપ છે. ભગવાને કાંઈ નવું કર્યું નથી. મહાવીર ભગવાને યજ્ઞ બંધ કરાવ્યા અને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. ભગવાને પરમાં કાંઈ કર્યું જ નથી. પોતાનામાં પુરુષાર્થપૂર્વક વીતરાગ દશા પ્રગટ કરી મુક્તદશાને પામ્યા છે. આ જીવની અપેક્ષાએ તીર્થંકરનો જીવ તે અજીવ છે. એમ ન જાણે તેને અનેકાંત સ્વરૂપની ખબર નથી.

શાસ્ત્રમાં મહાસત્તાનું વર્ણન આવે છે. તે 'મહાસત્તાનું' 'છે' પણું બતાવે છે, 'નથી' એમ બતાવતી નથી અને એને જાણવાનો હેતુ વીતરાગતા છે. કેમકે 'છે' એમાં ફેરફાર કરવાપણું રહેતું નથી. "છે" એમાં "આ આમ કેમ?" એવો પ્રશ્ન રહેતો નથી. એમાં વિકલ્પનો અવકાશ જ નથી તેથી વીતરાગ દૃષ્ટિ થાય છે. રાગ છે, વીતરાગતા છે, બંધ છે, મોક્ષ છે, અસ્તિરૂપ ધર્મ છે, નાસ્તિરૂપ ધર્મ પણ છે. એમ 'છે' પણામાં એકલું જ્ઞાન જ રહે છે. જ્ઞાન સિવાય વિકલ્પ કે નિમિત્તને તેમાં અવકાશ જ નથી. શાસ્ત્રની વાણી મર્મવાળી છે. જ્ઞાન તે મર્મને યથાર્થ જાણી લ્યે છે, અજ્ઞાનીને આશય ખ્યાલમાં આવતો નથી. પંચાસ્તિકાયમાં અર્થ-સમય, જ્ઞાન-સમય અને શબ્દ–સમયની વાત આવે છે. પદાર્થોનો જે સ્વભાવ છે તેને જ્ઞાન જાણે છે અને શબ્દ પણ એવો જ હોય છે. સાકર પદાર્થ છે, જ્ઞાન પણ સાકરનું થાય છે અને સાકર એવો શબ્દ પણ છે. જ્ઞાન કાંઈ આડું અવળું જાણે તો તે મિથ્યાત્વ છે. જ્ઞાન જેમ છે તેમ જાણે છે માટે તે સમ્યક્ છે અને એમાં જ વીતરાગતા છે.

આ રીતે અનાદિનિધન અનંત જીવ–અજીવ વસ્તુ છે. તે સર્વમાં પોત પોતાના દ્રવ્યત્વ–પર્યાયત્વ આદિ અનંતધર્મ છે તે સર્વ સહિત સપ્તભંગ સાધવા. જીવ અને પુદ્ગલો અનંતાનંત છે તે બધા પોત પોતાના દ્રવ્યત્વ–પર્યાયત્વ ધર્મોથી છે અને પરના દ્રવ્યત્વ–પર્યાયત્વધર્મથી નથી. એટલે અદ્રવ્યત્વ–અપર્યાયત્વ રૂપ છે. એમ વસ્તુ પોતાના સ્વવીર્યથી છે અને પરના વીર્યના નથી. એમ બધા વિશેષ ધર્મોમાં સપ્તભંગી ઊતરે છે. તે બધા ભંગો સ્વતંત્ર છે. પરની અપેક્ષા રાખતા નથી એટલે પરના કારણે તે ભંગો

નથી. એક ભંગ બીજા ભંગની અપેક્ષા રાખતો નથી. એમ અનેકાન્ત સ્વરૂપ છે તે સ્વતંત્રતાને નક્કી કરે છે.

વળી જીવ અને પુદ્ગલના સ્થૂલપર્યાય છે તે પણ ચિરકાળ સ્થાયી અનેક ધર્મરૂપ હોય છે. જેમકે જીવ સંસારી–સિદ્ધ છે. સંસાર દશા અનાદિ સાંત છે અને સિદ્ધ દશા સાદિ અનંત છે. એ રીતે ચિરકાળ સ્થાયાં છે. સંસારીમાં ત્રસ અને સ્થાવર એમ બે ભેદ છે. તેમાં મનુષ્ય તિર્યંચાદિના ભેદો છે તે જીવની પર્યાયો છે. મનુષ્યાદિની પર્યાય એક એક સમયની હોવા છતાં સ્થૂળપણે ઘણો કાળ એવી ને એવી રહે છે. તેથી તે ચિરકાળ સ્થાયી કહેવાય છે. તેથી એમાં પણ કથંચિત્ વસ્તુપણું સંભવે છે. માટે એના પણ સાત ભંગ પડે છે અને પુદ્ગલમાં પણ અણુ–સ્કંધ–ઘટ–પટ આદિની પર્યાયો છે. તેમાં પણ કથંચિત્ વસ્તુપણું સંભવે છે તેથી તેમાં પણ સપ્તભંગી ઊતરે છે.

વળી એ જ પ્રમાણે જીવ–પુદ્ગલના સંયોગથી થયેલા આસ્રવાદિ ભાવોમાં પણ બહુ ધર્મપણાની અપેક્ષાએ તથા પરસ્પર વિધિ–નિષેધથી અનેક ધર્મરૂપ કથંચિત્ વસ્તુ-પણું સંભવે છે. માટે તેમાં પણ સપ્તભંગ પડે છે, તે હવે કહે છે.

(૩) **આસ્રવ :—** દયા–દાન, ભક્તિ–પૂજા આદિના પરિણામો આસ્રવ છે. તે આસ્રવ આસ્રવથી છે. જીવ–અજીવાદિથી નથી. આસ્રવ જડ કર્મના કારણે નથી. કેમકે તે સ્વથી છે અને પરથી નથી, એમ આસ્રવનો અસ્તિ–નાસ્તિ ધર્મ છે. નૈમિતિકની પર્યાય નિમિત્તથી નથી પણ પોતાથી છે એમ અનેકાંત છે પણ કોઈ અપેક્ષાએ આસ્રવ પોતાના કારણે છે ને કોઈ અપેક્ષાએ કર્મના કારણે થાય છે એમ અનેકાંત નથી. આત્મા કથંચિત્ પોતાના કારણે અગિયારમાં ગુણસ્થાનેથી પડે છે અને કથંચિત્ કર્મના ઉદયની બળજોરીથી પડે છે. એમ અનેકાંતનું સ્વરૂપ નથી. આસ્રવના પરિણામ પોતાથી થયા છે પણ કર્મના કારણે કે પૂર્વની પર્યાયના કારણે થયા નથી. એવો અસ્તિ–નાસ્તિરૂપ ધર્મ આસ્રવનો છે તે અનેકાંત છે અને એ રીતે આસ્રવની સપ્તભંગી છે.

પૂર્વના સંસ્કારના કારણે વર્તમાન પર્યાય થતી નથી. અજ્ઞાની દરેક સમયે સંસારની પર્યાય નવી નવી પોતાના ઊંધા પુરુષાર્થથી કરે છે, ત્યારે પૂર્વના સંસ્કારને કારણે થઈ એમ કહેવામાં આવે છે પણ પૂર્વના કારણે વર્તમાન પર્યાય થઈ નથી. કેમકે પૂર્વ પર્યાયનો તો વ્યય થઈ ગયો છે. તે પર્યાય વર્તમાન પર્યાયમાં આવતી નથી, વર્તમાન આસ્રવપર્યાય પોતાપણે છે અને પૂર્વપર્યાયપણે નથી. આસ્રવપર્યાય સ્વથી અસ્તિરૂપ છે તે નિશ્ચય છે અને તે પર્યાય પરથી નાસ્તિરૂપ તે વ્યવહાર છે. વર્તમાન આસ્રવભાવ કરે તો પૂર્વની વાસનાને ઉપચાર લાગુ પડે છે. પણ ખરેખર તો આસ્રવપર્યાય સ્વતંત્ર છે એમ જે જ્ઞાન જાણે તે પ્રમાણજ્ઞાન છે અને તેને અહીં સમ્યગ્દર્શન કહ્યું છે.

(૪) **બંધત્વ :—** બંધ આત્માની વિકારી અવસ્થા છે. તે દ્રવ્ય–બંધના કારણે નથી.

કેમકે બંધ પોતાથી છે અને કર્મથી નથી. આવો બંધનો અસ્તિ–નાસ્તિરૂપ ધર્મ છે. બંધ બંધથી છે અને જીવથી નથી, બંધ બંધથી છે અને સંવર–નિર્જરા આદિથી નથી. એવું બંધતત્વનું સ્વતંત્ર સ્વરૂપ છે. નવે પદાર્થો સ્વતંત્ર છે, આત્મવસ્તુ અસ્તિરૂપ છે, એમાં રાગની ત્રિકાળ નાસ્તિ છે, વસ્તુ સ્વભાવની દૃષ્ટિ થતાં રાગનો ત્યાગ થઈ જાય છે, રાગનો ત્યાગ કરવો પડતો નથી, રાગને પૃથક કરવો એ વ્યવહારનું કથન છે, તે ઉપચાર છે, ઉપચારને યથાર્થ માની લેવો તે મિથ્યાત્વ છે. સ્વની એકાગ્રતા થતાં રાગની ઉત્પતિ થતી નથી, સ્વનો આદર થતાં પરનો આદર છૂટી જાય છે. સ્વનું લક્ષ છૂટી પરનું લક્ષ કરે તો આસ્રવ અને બંધ થાય છે. પણ પરે રાગ કરાવ્યો નથી. રાગ રાગથી છે અને પરથી નથી. આ અનેકાન્તનું સ્વરૂપ છે. હવે સંવર, નિર્જરા, પુણ્ય, પાપ, મોક્ષનું સ્વતંત્રપણું અનેકાન્ત દ્વારા સમજાવશે. [ ક્રમશઃ ]

##卐 જ્ઞાયકદેવનો અપાર મહિમા 卐

* જિનેન્દ્રભક્તિ તો શું, પણ ગમે તે કાર્ય કરતાં, સાધકની દૃષ્ટિ જ્ઞાયકદેવ પર જ પડી હોય છે. દૃષ્ટિ જ્ઞાયકદેવમાં જામી તે જામી! ત્યાંથી પાછી ફરતી જ નથી! બહારનાં નેત્ર ભલે જિનેન્દ્ર પર એકાગ્ર હોય પણ અંતરનાં નેત્ર તો ત્યારે પણ નિજજ્ઞાયક-દેવ પરથી ખસતાં નથી. જ્ઞાયકદેવનાં દર્શન થતાં અનંત ગુણોમાં અંશે શુદ્ધિની પર્યાય પ્રગટ થઈ; હવે પૂર્ણતા લીધા વિના અંતરના નૈન ત્યાંથી પાછા ફરે જ નહિ, દ્રવ્યદૃષ્ટિ જ્યાં ચોંટી ત્યાંથી તે પાછી ફરતી નથી. અંતરમાં પૂર્ણતા કર્યે જ છૂટકો. જેમ ભગવાનનાં દર્શન થતાં નેત્ર ત્યાં થંભી જાય છે, તેમ જ્ઞાયકદેવનાં દર્શન થતાં અંતરનાં નેત્ર–દૃષ્ટિ ત્યાં ચોંટી જાય છે. દૃષ્ટિ જામતાં જ્ઞાન પણ ત્યાં કથંચિત્ જામી ગયું. પછી ઉપયોગ અંદર અને બહાર એમ કરતાં કરતાં અંદરમાં પૂરો જતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અહો! જ્ઞાયકદેવનો અને જિનેન્દ્રદેવનો અપાર મહિમા છે.

—પૂજ્ય બહેનશ્રી

# ત્રૈલોક્ય-દુઃખહર પ્રભુભક્તિ

[ શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

શ્રી માનતુંગ આચાર્યનું આ મહા અનુપમ કાવ્ય છે, જેનું નામ શ્રી ઋષભજિન સ્તુતિ અથવા ભક્તામર સ્તોત્ર કહેવાય છે. શ્રી આદિનાથ ભગવાન એટલે ઋષભદેવ પ્રભુ આ ચોવીશીના તીર્થંકરમાં પ્રથમ તીર્થંકર થઈ ગયા. આત્માનું સ્વરૂપ જાણી પૂર્વે ત્રીજે ભવે તીર્થંકરનામકર્મ ઉપાર્જ્યું હોય પછી દીક્ષા લઈ તીર્થંકર થાય. એ રીતે અનંતા તીર્થંકરો થયા છે. માનતુંગ આચાર્યે આ દિવ્ય અદ્‌ભુત સ્તુતિ બનાવી છે. જેમાં નિશ્ચય અધ્યાત્મ શૈલી પણ ગોઠવાઈ ગઈ છે. ઘણા જીવો આ સ્તુતિ સાંસારિક ફળની આશાએ કર્યા કરે છે તે નકામું છે. અહીં ઋષભદેવ ભગવાનની ભક્તામર નામની સ્તુતિ કહેવાય છે. સ્તુતિકાર મહા પવિત્ર ભાવલિંગી સંત મુનિ હતા. નિરંતર આત્મિક આનંદમાં રમતા હતા. તેમને પણ છઠ્ઠા ગુણસ્થાનના કાળે ભક્તિનો વિકલ્પ આવે છે.

જે દર્શનીય પ્રભુ એક ટસેથી દેખે,
સંતોષથી નહિ બીજે જન નેત્ર પેખે;
પી ચંદ્રકાંત પય ક્ષીરસમુદ્ર કેરું,
પીશે પછી જળનિધિ જળ કોણ ખારું? ૧૧.

હે નાથ! પલક માર્યા વિના એક ટસથી દેખે ને બીજું લક્ષમાં ન આવે એમ આપનું સ્વરૂપ દેખે, તે આપનો ભક્ત છે અને એ રીતે તેનું દેખવું સફળ કહેવાય છે. જે પુણ્ય અને નિમિત્તનો આદર કરે, સ્વભાવ ગૌણ કરે અને વ્યવહારને મુખ્ય કરે તે આપનો ભક્ત નથી. પ્રભુ! આપનું સુંદર રૂપ જન્મ વખતે એવું હતું કે ત્રણ જ્ઞાનના ધણી શકેન્દ્ર આપને જોઈને તૃપ્ત થતાં નથી તો આપના આત્માની શી વાત કરવી? હે નાથ! તારી પવિત્રતાનું સુંદર રૂપ જોનારની શી વાત? જેને રાગનો આદર નથી ને ચૈતન્ય સ્વભાવનો જ આદર છે, તેને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર સંતોષ આપે એમ બને નહીં.

હે નાથ! આપની બાહ્ય અભ્યંતર સુંદરતા ઘણી છે. પૂર્ણ પવિત્રતા પ્રગટ થવાનો કાળ આવે તે પહેલાં જે શુભરાગ આવે અને તેમાં જે કર્મ બંધાય તે કર્મના ઉદયકાળે શરીર પરમ ઔદારિક હોય છે. જેમ ઘરમાં સુવર્ણનો ડબ્બો અતિ આકર્ષક હોય તેમ તીર્થંકર ભગવાનના શરીરરૂપ ડબ્બાને જોઈને ઇન્દ્રો પણ તૃપ્તિ પામતા નથી. હે ત્રિલોક શિરોમણિ! જેણે સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રથી આપને એકાગ્ર દૃષ્ટિથી જોઈ લીધા તેને

કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની રુચિ થાય નહીં તથા સ્વપ્નામાં પણ સંસાર-શરીર-ભોગનો આદર હોય નહીં. મોક્ષમાર્ગની નિશ્ચય આરાધનાનો આરાધક થાય, તેમાં નિમિત્ત સહચરપણાનો વ્યવહારરત્નત્રય ઉપર આરોપ આવે, પણ બીજા કુદેવાદિ ઉપર આરોપ ન આવે. હે નાથ! આપના ભક્તો આપને જ વિના પલકથી દેખે છે. નાટક જોતી વખતે રુચિવાળો આંખો ફાડીને જુએ છે, જેમાં રસ છે તેમાં એકાકાર વૃત્તિ કામ કરે છે, તેમ જેણે વીતરાગસ્વભાવની પ્રશંસા કરી છે, તેને આ વાત બેઠી છે. આ ગાથામાં સાધકની અપ્રતિહતતાની વાત છે. હે નાથ! અમે તો આપની સામે જ ટગર ટગર જોનારા છીએ. વિકલ્પ ઉઠે તે કાળે બીજે ઠેકાણે અમારું ચિત્ત ભમતું નથી, બીજાનો આદર કરતા નથી. હે પ્રભુ! તારા સિવાય ક્યાંય મન ઠરતું નથી. ૧૬ કળાએ કેવળજ્ઞાન ખીલવાના છે એવા બાળક અવસ્થાવાળા તીર્થંકર ભગવાનને ઇન્દ્ર ટગટગ લગાવીને દેખે છે; તેમ હે નાથ! આપ કેવળજ્ઞાની છો. મને આપમાં સંતોષવૃત્તિ થઈ તેથી રાગમાં કે બીજે ક્યાંય સંતોષ પામતો નથી. ચારિત્રમાં નબળાઈને લીધે રાગની વૃત્તિ ઊઠે, પણ ત્યાં મન સંતોષ પામે નહીં. પૂર્ણ સ્વભાવની ઉપર દૃષ્ટિ છે, ત્યાં જ મારું ચિત્ત સંતોષ પામે છે. પ્રવચનસારની ટીકા કરનાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે મોક્ષમાર્ગના પ્રણેતા અમે આ ઊભા. અહો! કેટલી નિઃસંદેહ દૃઢતા છે.

તેમ અહીં માનતુંગ આચાર્ય અને ભક્ત કહે છે કે નાથ! આપને જ અમે નેતા બનાવ્યા, આપને સ્વામિ તરીકે સ્વીકાર્યા, એવા અમને—સેવકને બીજે ક્યાંય સંતોષ થતો નથી. ક્ષીરસમુદ્ર અઢી દ્વીપની બહાર છે, ત્યાં દૂધ જેવું પાણી છે. મેરુ પર્વત ઉપર લઈ જઈને ઇન્દ્રો ભગવાનનો જન્માભિષેક ક્ષીરસમુદ્રના પાણી વડે કરે છે. જ્યાં મેલ નથી, માછલાં નથી, કોઈ સ્નાન કરતું નથી, અઢી દ્વીપ બહાર મનુષ્ય હોતા નથી. એવા ક્ષીરસમુદ્રનું શ્રેષ્ઠ જળ પીવા મળે તો પછી તેને છોડીને લવણ સમુદ્રનું ખારું પાણી કોણ પીએ? કોણ ચાખશે? પ્રભુ! આપ પરમ ઉપશમરસના કંદ છો. આપના ભક્તો કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રમાં સંતોષ પામતા નથી, મીઠા પથ્ય પાણીનો સ્વાદ લ્યે તે અન્ય ખારા સમુદ્રનું પાણી પીતો નથી. દૂધપાક મળે તો જાડી રાતી જુવારના ફૂસકાના રોટલા કોણ ખાય? કોઈ ન ખાય. તેવી રીતે આપનું સુંદર રૂપ એટલે આપનું બાહ્ય અને અભ્યંતર નિર્દોષ સુંદર રૂપ જેણે દેખી લીધું છે તે બીજાને દેખવા માગતો નથી.

જે શાંતરાગ રુચિનાં પરમાણુ માત્ર,
તે તેટલાં જ ભુવિ આપ થયેલ ગાત્ર;
એ હેતુથી ત્રિભુવને શણગાર રૂપ,
તારા સમાન નહિ અન્ય તણું સ્વરૂપ. ૧૨.

હે નાથ! આપનું શરીર અને જ્ઞાન પરમ શાન્ત અને ગંભીર છે.

તીર્થંકરદેવની પવિત્ર દશાની શી વાત! પણ તેમનું પુણ્ય પણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ હોય છે. શરીર પરમ ઔદારિક હોય છે. તેને લક્ષમાં લઈ અહીં પ્રમોદ કરે છે. હે નાથ! ત્રણ લોકમાં આપ જ પવિત્ર આભૂષણ છો. આત્મામાં રાગ રહિત અવિકારી શાંત રસ છે, તે પ્રગટ થતાં તે પરમ ઉપશમ રસથી ભરપૂર દિવ્ય શાન્ત રસ આપના શરીરનાં પરમાણુની છાયમાં પણ ઝળકતો હોય એમ લાગે છે. તીર્થંકરને શરીર એવું હોય છે કે તેમની પાસે જનાર તેમના શરીર ઉપર નજર કરે તો દેખનારને સાત ભવ દેખાય (આગલા-પાછલા મળીને સાત ભવ) અને એકાદ ભવ બાકી હોય તો તેટલા ભવ દેખે. આત્માના સ્વભાવની ભક્તિ પ્રગટે છે તેને રાગ રહી ગયો, તેને લીધે તીર્થંકરનામકર્મ બંધાણું, તેને લીધે દિવ્ય શરીર મળ્યું. ત્રણ જ્ઞાન સહિતનો જન્મ લે છે. છેલ્લો દિવ્ય પરમ ઔદારિક દેહ છે. તે શરીરના અણુએ અણુમાં પરમ શાંતિ દેખાય છે. જ્ઞાનીને પુણ્યના ફળમાં ઉત્કૃષ્ટ સંયોગ મળી જાય છે, પણ તેની આશા નથી. સ્ત્રીઓ કપાળ ઉપર જવેરાતનું સુંદર આભૂષણ પહેરે છે ને શોભા આપે છે; આપ ત્રણ ભુવનને શોભા દેનાર ઉત્તમ આભૂષણ છો. આપના દેહનાં પરમાણુ પણ રાગ રહિત એટલે કે આત્મા રાગ રહિત થયો છે ને પરમાણુ પણ જાણે નિશ્ચલ બિંબ થઈ ગયા હોય એમ લાગે છે.

જેમ સાગરમાં પચાસ ઈંચ વરસાદ વરસે છે છતાં ઉછાળા ન હોય, તેમ આપ સદાય ગમ્ભીર છો. સંસારમાં ત્રણ જ્ઞાનના ધણી હતાં, છતાં પૂછયાં વિના બોલે જ નહીં, પૂછવું હોય પણ આપની ગમ્ભીરતા જોઈને હિમ્મત ન ચાલે. શ્રીકૃષ્ણના પ્રદ્યુમનને કોઈ લઈ જાય છે ત્યારે રુક્ષમણી વિગેરે વિલાપ કરે છે. ભગવાન નેમીનાથ નજીક હોવા છતાં નારદને વિદેહક્ષેત્રમાં સીમંધર પ્રભુ પાસે મોકલે છે અને પ્રદ્યુમન ખોવાઈ ગયો છે તેની તપાસ કરાવે છે. નેમીનાથ ભગવાન પણ સાગર સમાન ગમ્ભીર હતાં. સંસારમાં હોવા છતાં વિના પૂછે બોલતાં નથી. છદ્મસ્થ દશામાં ગમ્ભીર હતા. સંસારમાં હોવા છતાં ગમ્ભીર હતાં.

દસ કોડાકોડી સાગરોપમ કાળમાં ભરતક્ષેત્રમાં ઉત્તમ કાળે ૨૪ તીર્થંકર પુરુષ થાય છે. તેમના જન્મકાળે જ્યોતિષચક્રના ઉત્કૃષ્ટ શુભ ગ્રહોનો મેળ હોય છે. શરીરમાં પુણ્યના ઉત્કૃષ્ટ શાન્ત સુંદર પરમાણુ ભેગા થાય છે, એવા બીજાને હોતા નથી. એવું અનુપમ શરીર, અને અનુપમ સ્વરૂપ આપને છે. વિશ્વમાં જેટલા ઉત્તમ અને ઉજ્જવલ પરમાણુ હતાં તે શાન્તરસે થઈ આપની પાસે શરીરરૂપે આવ્યા છે. આપના શરીરમાં જેટલાં રજકણો આવ્યા, તે બધાં ઉત્કૃષ્ટ શાન્ત રસવાળા ભેગાં થયા છે. અઢી દ્વીપમાં જ મનુષ્ય ક્ષેત્ર છે. વધુમાં વધુ સંખ્યામાં ૧૭૦ તીર્થંકરો હોય છે ત્યાં તેમના શરીરરૂપે જે પરમાણુની ઉત્કૃષ્ટ શુભ દશા પરિણમી તે ઉપાદાનનો કાળ એવો જ હોય છે.

આપને જ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય પ્રગટ્યાં તેનાથી વધારે આનંદ કોઈને પ્રગટે નહીં. આપના શરીરના રજકણમાં શાન્તરસ પ્રતિભાસે છે, એવું અઢી દ્વીપમાં બીજે ન

હોય. આપને પવિત્રતા, પુણ્ય અને પુણ્યના ફળનું જ્ઞાન વર્તે છે, પણ કિંચિત્ રાગ નથી. આપની ઉપમાં બીજાને લાગું ન પડે. આપને કેવળજ્ઞાનાદિ દશા પ્રગટી, તેનાથી અધિક કોઈને નિર્મળતા હોતી નથી.

આપને કેવળજ્ઞાનાદિ દશા પ્રગટી તેનાથી અધિક કોઈને નિર્મળતા હોતી નથી. મોક્ષમાર્ગમાં વર્તતા ધર્મી જીવને પાપનો રસ અને સ્થિતિ ઘટે, તથા શુભ આયુ સિવાય બીજા પુણ્યની સ્થિતિ ઘટે પણ પુણ્યનો રસ વધે છે. શુદ્ધ ઉપયોગના નિમિત્તે પુણ્યને અનુભાગ ઘટતો નથી પણ વધે છે. જ્ઞાન-આનંદ-વીર્ય, ચારિત્રની વૃદ્ધિ થાય છે તેમ તેમ પુણ્યનો રસ વધે છે. તીર્થંકરપ્રકૃતિ ન હોય તે જીવને પણ ૧૩મા ગુણસ્થાનમાં જ્ઞાનાદિની પૂર્ણતા થઈ ત્યાં શરીર પરમૌદારિક થાય જ છે. પરમાણુમાં ઉત્કૃષ્ટ સાતા અને દિવ્ય અનુભાગનો પરિપૂર્ણ પાક આવે છે અને ૧૪મે ગુણસ્થાને છૂટી જાય છે.

હે જિનેન્દ્ર ! જે પરમાણુથી આપના શરીરની રચના થઈ છે તેટલાં જ ઉત્કૃષ્ટ પરમાણુ જગતમાં હતાં. પુણ્યવંત જીવ પાકે ત્યારે પથ્થરામાં નીલમ પાકે ને માછલામાં મોતી પાકે. તેને પ્રજા ઉપર કરવેરા નાખવા ન પડે, કારણ કે સાતિશય પુણ્યની સંપત્તિ લઈને જન્મે છે. તેથી તે જીવ રૈયત પાસેથી કાંઈ લે નહિ, પણ આપે. આપના પુણ્યની મહાનતા આપની પવિત્રતાને લીધે માનવામાં આવે છે, કારણ કે આપને જ પુણ્યની પૂર્ણતા છે, પવિત્રતા પૂર્ણ પ્રગટી, ત્યાં પુણ્ય પણ પૂર્ણરૂપે થઈને છૂટી જાય છે. ફરી ફરી આપને સંસારમાં આવવું થતું નથી. બળદેવ, વાસુદેવ આદિ કરતાં આપ વિશેષ પુણ્યવાન છો. માટે આપ આ લોકમાં અદ્વિતીય છો. આપની અનંત ચતુષ્ટયની સરખામણી બીજામાં ન રહે ને આપની શરીરની જોડમાં બીજાનું શરીર ન રહે. શ્રી માનતુંગ આચાર્ય આવી સ્તુતિ કરે છે ને ૪૮ તાળા તૂટે છે, મુનિ બહાર આવે છે. [ ક્રમશઃ ]

—*—

## 卐 જીવનનું ધ્યેય 卐

* જ્ઞાન, દર્શન ને આનંદ આદિ અનંત અનંત શક્તિઓથી ભરેલો આ આત્મા અનાદિ કાળથી તે-રૂપ જ છે—એવો ને એવો જ છે. તે આત્માને ઓળખવો એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. ભેદજ્ઞાનની ધારા કેમ પ્રગટે અને આત્મા કેમ ગ્રહણ થાય, એની ક્ષણે ક્ષણે અંતરમાં લગની લાગવી જોઈએ; તે જ કરવા જેવું છે.

—પૂજ્ય બહેનશ્રી

## ગુરુ-જ્ઞાન-સરોવરમાં ખીલેલાં, સમ્યક્ત્વબોધ-મહેકતાં

# અધ્યાત્મ-પુષ્પો

* અહા! ચૈતન્યસ્વભાવનો જેને પ્રેમ જાગ્યો છે તે તો ચૈતન્ય ચૈતન્ય કર્યા કરે, એટલે કે અવિનશ્વર શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ જે નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું—એમ તેને નિરંતર રહ્યા કરે. અહા! ત્રિકાળ-નિરાવરણ, અખંડ, એક, પ્રત્યક્ષપ્રતિભાસસ્વરૂપ, અવિનાશી, શુદ્ધ, પારિણામિક સહજ ભાવ જેનું સ્વરૂપ છે એવું જે પરમાત્મદ્રવ્ય છે તે જ હું છું—એવું તેને રહ્યા કરે. અહા! માર્ગ તો આ છે, બાપુ! એ વ્યવહારથી—રાગના વિકલ્પથી કે નિમિત્તથી પ્રાપ્ત થાય નહિ, એ તો પ્રત્યક્ષપ્રતિભાસમય જ્ઞાનની પર્યાયમાં સીધો ભાસે. એવું જે પરમાત્મદ્રવ્ય તે જ હું છું. 'આમ હો' એમ નહિ, પણ 'તે જ હું છું', 'આ જ હું છું' એમ ભાસે છે.

* શરીર રોગથી ઘેરાઈ ગયેલું હોય, પોતે નિર્ધન હોય, દીકરો-દીકરી કાંઈ ન હોય, જંગલમાં એકલો પડ્યો હોય, આહાહા! એવા સંયોગમાં હોવા છતાં પણ જો આત્મા ઉપર દૃષ્ટિ કર તો તને ત્યાં શાન્તિ મળી શકશે; આત્માને કોઈ સંયોગો નડતા નથી. ગમે તેવા ને ગમે તેટલા સંયોગો હોય પણ તેમાં આત્મા પોતાની શાન્તિ પ્રગટ કરી શકે છે.

* જેમાં કલંક નથી, મેલ નથી, રાગ નથી, 'णमो अरिहंताणं' ઇત્યાદિ ભગવાનના સ્મરણરૂપી વિકલ્પ પણ જેમાં નથી—એવા નિષ્કલંક નિજ ચૈતન્યપરમાત્માનું ધ્યાન કરતાં, ધ્યાનની દશામાં એને ધ્યેય બનાવતાં, મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. રાગ, પુણ્ય ને વ્યવહાર તે તો કલંક છે; વ્યવહાર-રત્નત્રયનો વિકલ્પ એ પણ મેલ છે. પવિત્રતાનો પિંડ એવો જે નિષ્કલંક નિજ પરમાત્મા તેનું ધ્યાન કરતાં, તેમાં એકાગ્ર થતાં મોક્ષદશા પ્રાપ્ત થાય. જીવ સ્વભાવે મુક્તસ્વરૂપ છે. ભવ્ય જીવને તેનું ધ્યાન કરતાં પર્યાયમાં મુક્તદશા પ્રાપ્ત થાય છે. ત્રિકાળી શુદ્ધનું ધ્યાન કરતાં પર્યાયમાં શુદ્ધતા થાય. રાગનું ધ્યાન કરતાં રાગ થાય, અરાગી નિજ પરમાત્માનું ધ્યાન કરતાં પરમાત્મદશા થાય. આહાહા! સિદ્ધાંતો બહુ ટૂંકા, પણ ભાવો આકરા છે.

* ભાઈ! બહારના પદાર્થોને કે દી તેં ગ્રહ્યા'તા કે તેં છોડ્યા? આત્મામાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ નામની એક શક્તિ છે. એક રજકણમાત્રનાં ગ્રહણ-ત્યાગથી રહિત તારો સ્વભાવ છે, છતાં આ પરવસ્તુને 'હું ગ્રહું-છોડું છું' એ વાત લાવ્યો ક્યાંથી?

વસ્તુના સ્વરૂપમાં એ છે જ નહિ, છતાં તેં માન્યું છે એ તારી ભ્રમણા છે. પોતે સ્વયં પોતાથી છે; તો સ્વયંભૂ દ્રવ્યનું આલંબન લેતાં જે નિર્મળ દશા થાય એ પણ પોતાથી જ થાય છે. પરનું આલંબન, પરનો આશ્રય—ટેકો મળે, દેશના મળે, તો પોતે સ્વયંભૂ છે—એમ નથી.

* 'હું શુદ્ધ પરિપૂર્ણ સ્વાવલંબી તત્ત્વ છું' એવું નિશ્ચયનું ભાન થયા પછી સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે વીતરાગ પૂર્ણ પરમાત્માના મહિમાનો શુભભાવ આવે છે; અને ત્યારે જિનપ્રતિમાનાં દર્શનને શુભભાવનું માત્ર નિમિત્ત કહેવામાં આવે છે. એ માત્ર શુભભાવના નિમિત્તરૂપ આલંબનને ઉથાપે તો તે મિથ્યાદૃષ્ટિ છે, અને એ આલંબનથી આત્મા પ્રાપ્ત થાય એમ માને તો તે પણ અજ્ઞાની છે.

* પ્રભુ! જ્ઞાયક સિવાય બહારની ચીજ કયાં તારી છે? એ તો પર છે; તેના કારણે આવી છે, તેના કારણે સંયોગપણે ટકી છે અને તેના કારણે ચાલી જશે. એ તારા કારણે અને તારી પાસે આવી છે—એમ ખરેખર છે નહિ. એ જગતની ચીજ તારાથી ભિન્ન છે. તેને પોતાની માનવી તે કલ્પના છે, ભ્રમણા છે. ધ્રુવ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માને રાગના એક અંશનો પણ સંબંધ થયો નથી, તે એક સમયની પર્યાયમાં રહેતો નથી, એક સમયની પર્યાયનો થતો નથી, અહા! આ તો સર્વજ્ઞ વીતરાગે કહેલો માર્ગ છે.

* પ્રવચનસારની ૮૦ મી ગાથામાં કહ્યું છે કે—જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે પોતાના આત્માને જાણે. ત્યાં અરિહંત તો પર છે, નિમિત્ત છે, પણ એ જેવા છે એવો જ પોતાનો આત્મા છે એમ જેણે ગુણનો ભેદ કાઢી નાખી, પર્યાયને કાઢી નાખી, એકલા નિજ અભેદ ધ્રુવ આત્માની દૃષ્ટિ કરી, તેને પોતાનો આત્મા જણાય છે. અરિહંતનું જ્ઞાન તે તો નિમિત્તનું—પરનું જ્ઞાન છે. પરના જ્ઞાનથી નિજ આત્માનું જ્ઞાન થાય એમ બનતું નથી. પણ ત્યાં એવી વાત લીધી છે કે, અરિહંત પરમાત્માના સ્વરૂપનું જેને શ્રદ્ધાન ને જ્ઞાન થયું એ પોતાના આત્મા સાથે મેળવવા જાય છે, ત્યાં એનું લક્ષ છોડી દઈને...અહા! મારું દ્રવ્ય પણ એમના જેવું, મારા ગુણ પણ એમના જેવા—એમ નિર્ણય કરી સ્વ તરફ ઢળે છે. પર્યાય એમના જેવી વ્યક્ત નથી, માટે તો સ્વભાવ તરફ ઢળે છે, અને એમના જેવો થઈ જાય છે. આહાહા! શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને પર્યાયમાં પ્રગટ શુદ્ધતા થઈ જાય.

* 'મારી જ્ઞાયક ચીજ રાગથી ભિન્ન છે' એમ જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, એનો રસ ચડ્યો છે, તેનું ચિત્ત બીજે કયાંય ચોટતું નથી. 'સ્વભાવનો આશ્રય લઈને વીતરાગતા કર' એમ ગુરુએ જે કહ્યું હતું તેનો જેણે સ્વીકાર કર્યો તેને એક આત્માનો જ રસ લાગ્યો છે. આત્માનો—આનંદનો—રસ લાગ્યો એ હવે છૂટે નહિ.

—o—

(તા. ૧૦-૨-૯૧)

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

આપણા પરમોપકારી સ્વાનુભવપ્રધાન અધ્યાત્મબોધદાતા પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ધર્મવૃદ્ધિકારી પ્રતાપથી તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં આપણા આદરણીય પંડિતજી શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય–ભક્તિભીના માર્ગદર્શનમાં ધર્મ-પ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ પૂર્વવત્ નિયમિત ચાલી રહી છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો–ટેપ, જિનેન્દ્રદર્શન–પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાગમ શ્રી સમયસાર પર (૧૯૬૧નું) ટેપ-પ્રવચન, પુરુષો માટે પંચાસ્તિકાયસંગ્રહ પર ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે શ્રી નિયમસાર શાસ્ત્ર પર શાસ્ત્રવાંચન, સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય બહેનશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટ સમક્ષ સ્તુતિ, જિનેન્દ્રભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર–નાટક પર ટેપ પ્રવચન—ઇત્યાદિ કાર્યક્રમ નિયમિત ચાલી રહ્યો છે. પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચા સાંભળીને અનેક સમાગત મુમુક્ષુ મહેમાન અનુભવવાણીનો સાક્ષાત્ લાભ મળવા જેવો અનુભવ કરતાં અત્યંત પ્રમોદ વ્યક્ત કરે છે.

*** શ્રી સીમંધરસ્વામી-જિનમંદિરની ૫૧મી પ્રતિષ્ઠાતિથિ :—**

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના પૂર્વ-ભવના ધર્મસંસ્કારના પુનીત પ્રતાપે અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીની સૌ પ્રથમ થયેલી પ્રતિષ્ઠાની 'સુવર્ણ જયંતી'નું સમાપન તેમ જ ૫૧મી જયંતીનો આરંભ આગામી ફાગણ સુદ બીજ તા. ૧૬–૨–૯૧ના રોજ થઈ રહ્યો છે. પ્રતિ વર્ષ અનુસાર આ વર્ષે પણ આ મંગલ પ્રસંગ માઘ વદ ૧૦, શનિવાર તા. ૯–૨–૯૧ થી ફાગણ સુદ ૨, શનિવાર તા. ૧૬–૨–૯૧ સુધી શ્રી સીમંધરાદિવિંશતિ–વિહરમાન–જિન-મંડલ-વિધાન પૂજા, જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

* સુવર્ણપુરીના અતિ ભવ્ય પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો સાતમો વાર્ષિક પ્રતિષ્ઠા–ઉત્સવ ફાગણ સુદ ૩, રવિવાર, તા ૧૭–૨–૯૧ થી ફાગણ સુદ ૭, ગુરુવાર, તા. ૨૧–૨–૯૧ સુધી શ્રી પંચકલ્યાણકપૂજનવિધાન, નંદીશ્વરભક્તિ, અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિશેષ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે.

* શ્રી પંચમેરુનંદીશ્વર જિનાલયમાં તા. ૨૧-૨-૯૧ ગુરુવાર થી તા. ૨૮-૨-૯૧, ગુરુવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા શ્રી નંદીશ્વરવિધાનપૂજા, નંદીશ્વરભક્તિ આદિ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

* ફાગણ સુદ ૧૩, મંગળવાર, તા. ૨૬-૨-૯૧ના રોજ 'શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિર'ની ૧૭મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ-પૂર્વક ઉજવાશે.

—※—

## વૈરાગ્ય સમાચાર :—

* અંકલેશ્વરનિવાસી શ્રીમતિ રશ્મિકાબેન કુમારપાળ ગાંધી તા. ૧૮-૯-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી ચંચળબેન પ્રેમચંદભાઈ ભાયાણી (વર્ષ-૮૯) તા. ૧૩-૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ફતેપુરનિવાસી મહેતા નાથાલાલ માણેકચંદ તા. ૨૩-૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શ્રી ચંચળબેન પ્રાણલાલ મહેતા (વર્ષ-૭૧) તા. ૨૩-૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ભાવનગરનિવાસી શ્રી પ્રેમકુંવરબેન હીરાલાલ ભાયાણી (વર્ષ-૮૪) તા. ૩૧-૧-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જલગાંવનિવાસી મંગળાબેન કેશવલાલ શાહ તા. ૩૧-૧-૯૧ના રોજ જલગાંવ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૪૦ વર્ષો સોનગઢ રહીને ઘણો જ લાભ લીધો હતો.

* કલકત્તાનિવાસી શ્રી મનસુખભાઇ મયાચંદભાઈ શાહ (વર્ષ-૫૯) તા. ૩-૨-૯૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ અને તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

—※—

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની જન્મભૂમિ વઢવાણમાં સાનંદ સમ્પન્ન

# 卐 સમવસરણ–શિલાન્યાસ–સમારોહ 卐

શ્રી મહાવીર કુંદકુંદ કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી શ્રી વઢવાણ દિ. જૈન મુમુક્ષુમંડળ દ્વારા નિર્માણાધીન વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીના ભવ્ય સમવસરણની પીઠિકાનો શિલાન્યાસ-ઉત્સવ આપણા આદરણીય વિદ્વદ્રત્ન પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના મંગલ તત્ત્વાવધાનમાં તા. ૨૬-૧-૯૧ના રોજ સવારે સાનંદ સમ્પન્ન થયો. પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રભાવના-ઉદય-પ્રતાપે પૂજ્ય બહેનશ્રીના જન્મધામમાં નિર્મિત થનારા આ સમવસરણના શિલાન્યાસ પ્રસંગે સોનગઢ, મુંબઈ, અમદાવાદ, રાજકોટ, લીંબડી, સુરેન્દ્રનગર, જોરાવરનગર ઇત્યાદિ અનેક ગામોથી ઘણા મુમુક્ષુઓ લાભ લેવા આવ્યા હતા. શિલાન્યાસ-વિધિના સમયે આદરણીય પં. શ્રી હિંમતભાઈના ભક્તિરસભીના મધુરસ્વરમાં ગવાયેલા વિધિના સંસ્કૃતમય પાઠને સાંભળીને બધા પ્રમુદિત થતા હતા. શિલાન્યાસ-વિધિ શ્રી પ્રેમચંદભાઈ ઊજમશીભાઈ શાહ તેમ જ તેમના ધર્મપત્ની શ્રી મંજુલાબેનના શુભ હસ્તે થઈ હતી. આ મંગલ અવસરે વઢવાણ-સ્વાધ્યાયમંદિરની દીવાલો પર સંગેમરમર-ઉત્કીર્ણ 'બહેનશ્રીનાં વચનામૃત'ના શિલાપટ લગાડવાની વિધિ પણ સમ્પન્ન થઈ હતી. શિલાન્યાસ તથા શિલાપટની બોલી આદિમાં કુલ ૪ લાખની વઢવાણ મંદિરને આવક થઈ હતી. વિધિ બાદ બપોરે પ્રાસંગિક વક્તવ્યની સાથે પંડિતજીએ પૂજ્ય બહેનશ્રીનાં લઘુવયનો જીવન-પરિચય આપ્યો હતો, જે સાંભળીને બધા વઢવાણ આવ્યાની સાર્થકતા અનુભવતા હતા. ત્યારબાદ મુમુક્ષુઓ પંડિતજીની સાથે પૂજ્ય બહેનશ્રીના જન્મધામ તેમ જ સાધનાધામ આદિ જોવા ગયા હતા. જ્યાં પંડિતજીએ પૂજ્ય બહેનશ્રીના બાલ્ય-અવસ્થાના અનેક મધુર સંસ્મરણો સંભળાવ્યા હતા. આ સંસ્મરણો સૌને વિશેષ રોમાંચિત કરતા હતા.

[ શિલાન્યાસ પ્રસંગે આવેલ સોનગઢ-યાત્રા સંઘને તા. ૨૫-૧-૯૧ના સાંજે લીંબડી, સુરેન્દ્રનગર તેમ જ જોરાવરનગર દિ. જિનમંદિરના દર્શન-ભક્તિનો લાભ મળ્યો હતો. તે દિવસે સાંજનું જમણ શ્રી પોપટલાલ છગનલાલ શાહ, લીંબડી તરફથી આપવામાં આવ્યું હતું. ]

—❀—

અધ્યાત્મ–અતિશય-તીર્થ શ્રી સુવર્ણપુરીમાં

## પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

## ૫૯ મો

# સમ્યક્ત્વજયંતી-સમારોહ

[ તા. ૬-૩-૯૧ થી તા. ૧૦-૩-૯૧ ]

સમ્યક્ત્વતીર્થ-ઉદ્યોતક સ્વાનુભવી સંત પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સ્વાનુભૂતિ વિભૂષિત પ્રશમ-મૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૫૯ મો વાર્ષિક સમ્યક્ત્વજયંતી-સમારોહ ( ફાગણ વદ ૧૦ ) અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં તેઓશ્રીના દુઃખદ વિરહમાં અતિ સાદગીથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. તદનુસાર તા. ૬–૩–૯૧ બુધવાર થી તા. ૧૦–૩–૯૧ રવિવાર સુધી શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવ-શ્રીના સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મ ટેપ–પ્રવચન, સ્વાનુભવ-પરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની વિડિયો ધર્મચર્ચા, સમાગમ વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમો દ્વારા આ સમ્યક્ત્વજયંતી-સમારોહ ઉજવવામાં આવશે. સર્વે મુમુક્ષુઓને આ સમ્યક્ત્વભાવનાપ્રેરક અમૂલ્ય અવસરનો લાભ લેવા સોનગઢ પધારવા હાર્દિક આમંત્રણ છે.

## 卐 સત્સંગમાં નિરંતર નિવાસ કર 卐

* એક મોટી નિશ્ચયની વાર્તા તો મુમુક્ષુ જીવે એ જ કરવી યોગ્ય છે કે સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું એ શ્રેયરૂપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.

—શ્રીમદ્ રાજચંદ્ર

## 卐 ચૈતન્ય તરફ દૃષ્ટિ કર 卐

* ભવનો અભાવ તો એક ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી થાય છે. ગુરુએ કહ્યું છે કે—શુભાશુભ ભાવોમાંથી દૃષ્ટિ ઉઠાવી લે; તેમના પ્રત્યેની એકત્વબુદ્ધિ તોડીને ચૈતન્ય તરફ દૃષ્ટિ કરવાથી ભવનો અભાવ થાય છે. અનાદિ કાળથી પર તરફ દૃષ્ટિ હોવાથી, બાહ્યદૃષ્ટિ હોવાથી, જીવને બધું બહારનું જ દેખાય છે, ચૈતન્યની નિર્મળતા તેમ જ શુદ્ધતાનો ખ્યાલ આવતો નથી.

—પૂજ્ય બહેનશ્રી

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ